
(૫૫/૮)

હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મારું અંતઃકરણ એવા ઉત્કૃષ્ટ આનંદથી પરિપૂર્ણ થઈ ગયું છે કે જેથી હું મને મુક્તિ પ્રાપ્ત થયેલ જ સમજું છું.

—શ્રી પદ્મનંદિ આચાર્ય



પ્રભો! આપની નિર્દોષ સ્તુતિ તો ક્યાં રહી? પરંતુ આપની પવિત્ર કથાનું શ્રવણ કરવાથી પણ જીવોને સંસારના બધા પાપો નષ્ટ થઈ જાય છે. એ સાચી વાત છે કે સૂર્ય ઘણો દૂર હોવા છતાં તેના કિરણો સરોવરમાંના કમળોને પ્રફુલ્લિત કરે છે.

—શ્રી માનતુંગ આચાર્ય

કહાન સં. ૧૯ સં. ૨૦૫૫ [૬૬૪] * **આત્મધર્મ** * [અંક-૮ વર્ષ-૫૫] વીર સં. ૨૫૨૫ ફેબ્રુઆરી-૧૯૯૯

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જેના ભયથી ચલાયમાન થતાં-ખળભળી ઉઠતાં—ત્રણે લોક પોતાનો માર્ગ છોડી દે છે એવો વ્રજપાત થવા છતાં, આ સમ્યગ્દૃષ્ટિ જીવો, સ્વભાવથી જ નિર્ભય હોવાને લીધે, સમસ્ત શંકા છોડીને, પોતે પોતાને જેનું જ્ઞાનરૂપી શરીર અવધ્ય છે એવો જાણતાં થકા, જ્ઞાનથી ચ્યુત થતાં નથી. આવું પરમ સાહસ કરવાને માત્ર સમ્યગ્દૃષ્ટિઓ જ સમર્થ છે. ૫૪૪.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૫૩)*

❀ આત્માકા ઈષ્ટ અપના અમૂર્તિક સ્વભાવ હૈ, જો સર્વ કર્મોસે મુક્ત શુદ્ધ ભાવ હૈ. જિસકો ઇસ પરમ હિતકારી શુદ્ધ ભાવકા વિયોગ હૈ વહ ઈષ્ટ વિયોગસે આર્તધ્યાન પાકર પરિણામોંકે અનુસાર શુભ ગતિ યા અશુભ ગતિમેં જાતા હૈ. ૫૪૫.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૮૩૨)*

❀ જે પરાધીન છે તે બધું દુઃખ છે અને જે સ્વાધીન છે તે બધું સુખ છે. આ પ્રમાણે (વિજ્ઞ પુરુષ) સંક્ષેપમાં સુખ-દુઃખનું લક્ષણ કહે છે. ૫૪૬.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, ગાથા-૧૨)*

❀ પ્રભો ! આપની નિર્દોષ સ્તુતિ તો ક્યાં રહી ? પરંતુ આપની પવિત્ર કથાનું શ્રવણ કરવાથી પણ જીવોને સંસારના બધા પાપો નષ્ટ થઈ જાય છે. એ સાચી વાત છે કે સૂર્ય ઘણો દૂર હોવા છતાં તેના કિરણો સરોવરમાંના કમળોને પ્રફુલ્લિત કરે છે. ૫૪૭.

*(શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક-૯)*

❀ સાધર્મી ભાઈઓ પ્રત્યે તો જેને અહિતબુદ્ધિ (દ્વેષભાવ) છે અને પુત્ર-બંધુ વગેરે પ્રત્યે અનુરાગ છે તેને સમ્યક્ત્વ નથી-એમ સિદ્ધાંતના ન્યાયથી પ્રગટપણે જાણવું. ૫૪૮.

*(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ-સિદ્ધાંત-રત્નમાળા, ગાથા-૧૪૭)*

❀ સમ્યગ્દર્શનસે વિભૂષિત જીવકો નરકકા વાસ ભી અચ્છા હૈ, પરંતુ સમ્યગ્દર્શન રહિતકા સ્વર્ગમેં રહના ભી નહીં શોભતા હૈ. ૫૪૯.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૩૯)*

*

કહાન
સંવત-૧૯
વર્ષ-૫૫
અંક-૮
[૬૬૪]

વીર
સંવત
૨૫૨૫
સં. ૨૦૫૫
FEB.
A.D. 1999

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## વ્યવહાર-શ્રદ્ધા પણ કેવી હોવી જોઈએ!

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૮૭)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૯ ગાથા થઈ છે. અહીં વ્યવહાર-સમ્યગ્દર્શનના વિષયભૂત છ દ્રવ્યનાં સ્વરૂપનું વર્ણન ચાલે છે.

નિશ્ચય-સમ્યગ્દર્શનનો વિષય સ્વદ્રવ્ય છે. નિજ શુદ્ધ જ્ઞાન-આનંદઘન આત્માની પ્રતીતિ થવી તે નિશ્ચય નામ સત્યાર્થ સમ્યગ્દર્શન છે, તે વીતરાગી પરિણતિ છે. પણ, તેની સાથે જે છ દ્રવ્યાદિની શ્રદ્ધાનો રાગ આવે છે તે વ્યવહાર-સમ્યક્ત્વ છે. તે કાંઈ ધર્મીને ઉપાદેય નથી, હેય છે પણ એવો રાગ આવ્યા વગર રહેતો નથી.

આમ, નિશ્ચય-સમ્યક્ત્વનું કારણ સ્વદ્રવ્ય છે અને વ્યવહાર-સમ્યક્ત્વનું કારણ છ દ્રવ્ય છે (કારણ કહો કે વિષય કહો બંને એક જ છે). તેથી તેનું સ્વરૂપ બરાબર જાણીને તેની શ્રદ્ધા કરવી જોઈએ.

પુદ્ગલ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની વાત આગળ આવી ગઈ છે. જીવના કાર્યમાં આ દ્રવ્યો કાંઈ કારણ નથી તેથી અકારણ છે પણ નિમિત્તરૂપે જ્ઞેયમાં તેની હાજરી છે તેને ધર્મી હેય તરીકે જાણે છે. આઠ કર્મ છે તે પુદ્ગલદ્રવ્યમાં આવી જાય છે. ભગવાન આત્મા સ્વદ્રવ્યના અવલંબનથી પોતાની નિર્વિકલ્પ શુદ્ધ શ્રદ્ધારૂપે પરિણમે ત્યારે કર્મની સત્તા આદિ છ દ્રવ્યની શ્રદ્ધાનો વિકલ્પ પણ સાથે હોય છે પણ તે રાગ છે અને તેનું અવલંબન પરદ્રવ્ય હોવાથી તે હેય છે. પણ તે જ્ઞેય હોવાથી જાણવાલાયક તો છે. આમ, આ દ્રવ્યો નિમિત્તરૂપ, જ્ઞેય અને હેય તરીકે જાણવાયોગ્ય છે.

શ્રોતા :—છ એ દ્રવ્યો હેય ભલે હો પણ રાખવા જેવા તો ખરાં ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે હેય હોય તે રાખવાયોગ્ય કેમ હોય ! માત્ર જાણવાયોગ્ય છે. રાગ તો આવશે પણ તેમાં પરદ્રવ્યનું અવલંબન આવે છે માટે પરાધીન છે અને તે રાગ નાશવાન છે માટે અંતરસ્વભાવની દૃષ્ટિએ તે ઉપાદેય નથી. ૧૯મી ગાથામાં છેલ્લે કહ્યું ને ! अकारणानि हेयानी....ભગવાને કહેલાં છ દ્રવ્યનું સ્વરૂપ જેમ છે તેમ બરાબર જાણવું અને તેની શ્રદ્ધા કરવી. પણ તે છ દ્રવ્ય અને તેની શ્રદ્ધાનો રાગ હેય છે એમ સમજવું. છ દ્રવ્યની પ્રતીત ન હોય તેને નિશ્ચયસમ્યગ્દર્શનની પ્રતીતિ હોતી નથી. વિકલ્પ સહિતની જ્ઞાનપર્યાયમાં છ દ્રવ્યની પ્રતીત આવ્યા વગર રહેતી જ નથી. જેને છ દ્રવ્યની શ્રદ્ધાના ઠેકાણાં નથી તેને વિકલ્પ રહિત નિર્વિકલ્પ ચૈતન્યતત્ત્વની શ્રદ્ધા થઈ શકતી જ નથી.

હવે ૨૦મી ગાથામાં આકાશદ્રવ્યનું સ્વરૂપ કહે છે.

दव्वई सयलई वरि ठियई णियमें जासु वसंति ।
तं णहु दव्वु वियाणि तुहुं जिणवर एउ भणंति ॥२०॥

અર્થ :—જેની અંદર બધાં દ્રવ્યો સ્થિત થઈને રહે છે તે આકાશ આધાર છે અને અન્ય બધાં દ્રવ્ય આધેય છે તેને આકાશદ્રવ્ય જાણો—એમ જિનેન્દ્રદેવ કહે છે.

આકાશના પેટમાં એટલે ઉદરમાં બધાં દ્રવ્યો રહેલાં છે. આકાશ એટલે ખાલી જગ્યા જે અરૂપી છે. આકાશદ્રવ્ય દેખાતું નથી પણ નિશ્ચયથી તે એક દ્રવ્ય છે. અનાદિથી આકાશ એક વસ્તુ છે અને તેમાં બધાં દ્રવ્યો વસેલાં છે. નિશ્ચયથી એટલે ખરેખર આકાશ એક વસ્તુ અનાદિથી છે, નવી નથી. ઉપર આકાશ દેખાય છે તે આકાશદ્રવ્ય નથી. ખાલી ભાગ ક્યાં નથી ? દશેય દિશામાં ચાલ્યા જાઓ....ચાલ્યા જાઓ....આકાશનો ક્યાંય અંત નથી. ખાલી....ખાલી....ખાલી....ભાગ કે જેનો ક્યાંય છેડો નથી તે આકાશ છે અને તેની અંદર પાંચેય દ્રવ્યો રહેલાં છે. નિશ્ચયથી આકાશ છે અને અન્ય દ્રવ્યો તેમાં રહેલાં છે.

વીતરાગ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ આમ ફરમાવે છે એમ શ્રી યોગીન્દ્રદેવ ગાથા દ્વારા કહે છે. આકાશના જેટલાં ભાગમાં પાંચ દ્રવ્યો રહેલાં છે તે લોકાકાશ છે, તેના આધારે પાંચેય દ્રવ્યો રહેલાં હોવાથી આધેય છે અને આકાશ આધાર છે. લોકાકાશ સિવાયનો આકાશનો ભાગ ખાલી છે.

ભાવાર્થ :—આકાશમાં જીવાદિ બધાં દ્રવ્યો પરસ્પર એકક્ષેત્રાવગાહે રહેલાં છે તોપણ જીવથી તદ્દન જુદાં છે. માટે આકાશ છે એમ શ્રદ્ધા તો કરવી પણ તેનો રાગ

ત્યાગવાયોગ્ય છે અને અનંત સુખસ્વરૂપ આત્મા સાક્ષાત્ આરાધવાયોગ્ય છે.

જેને છોડવું છે તેને જાણવું શા માટે એમ પ્રશ્ન થાય પણ જાણ્યા વિના છોડશો કોને ? માટે, આકાશાદિ દ્રવ્યોને જેમ છે તેમ જાણીને તેનો વિકલ્પ છોડવા યોગ્ય છે અને ભગવાન આત્મા જે એક સમયમાં પૂર્ણ શુદ્ધ આનંદકંદ છે તેની દૃષ્ટિ કરવા લાયક છે. આત્માની દૃષ્ટિ કરવી એ જ તેનો આદર છે.

જે ચીજની શ્રદ્ધાનો વિકલ્પ ઊઠ્યો છે તેને આદરણીય માન્યો તેણે તે ચીજને જ આદરણીય માની છે. આકાશની શ્રદ્ધાનો વિકલ્પ ઊઠે પણ તે વિકલ્પનો આદર ન હોય, આદર તો એક સ્વદ્રવ્યનો જ હોય. વિકલ્પ ઊઠે એ જુદી વાત છે અને તે વિકલ્પને ઉપાદેય માનવો તે જુદી વાત છે. ધર્મીને વિકલ્પ ઊઠે પણ તેનો આદર ન હોય, તેમાં ઉપાદેયબુદ્ધિ ન હોય. વિકલ્પને ઉપાદેય માને છે તેણે તો પરદ્રવ્યને ઉપાદેય માન્યું છે, સ્વદ્રવ્યને ઉપાદેય માન્યું નથી. અહીં તો ખરાખરીના ખેલ છે, વીતરાગનો માર્ગ સમજવો એ કોઈ સાધારણ માણસનું કામ નથી. એ ભલે માની લે કે હું સમજ્યો છું પણ સમજવાના ખેલ આકરાં છે.

જિનેન્દ્રદેવ કહે છે કે આકાશ સર્વવ્યાપક એક દ્રવ્ય છે જે અપાર....અપાર....અપાર છે. તેને જ્ઞાનમાં શ્રદ્ધજે કે 'આકાશ છે' પણ તેની શ્રદ્ધાના વિકલ્પને છોડી દેજે. અનંત ગુણનિધિ આનંદમૂર્તિ નિજ ભગવાનની કિંમત કરીને તેની શ્રદ્ધા કરવાયોગ્ય છે. અન્ય દ્રવ્યનું જ્ઞાન હોય પણ તેની કિંમત ન હોય—આદર ન હોય. જ્ઞાન કરનારી તો પોતાની પર્યાય છે પણ તે પરદ્રવ્યાલંબી છે, નાશવાન છે અને રાગ સહિત છે માટે તે આદરણીય નથી.

ભગવાન આત્મા અનંત સુખસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. સ્ત્રી, પુત્ર, પૈસા આદિમાં સુખ માન્યું છે એ કાંઈ સુખ નથી. એ તો રાગ છે, દુઃખ છે, અજ્ઞાનથી ઊભી કરેલી મિથ્યાભ્રાંતિ છે. આત્મામાં તો અતીન્દ્રિય આનંદનો અપાર રસ ભર્યો છે. લીંડીપીપરમાં જેમ ૬૪ પહોરી તીખાશનો રસ પડેલો છે તો તેને ઘૂંટવાથી રસ પ્રગટ થાય છે તે રસ કેવો છે ! કે પૂરો લીલો રંગ અને પૂરી તીખાશમય છે, તેમ આત્મામાં પૂરો અતીન્દ્રિય આનંદ અને પૂરું સર્વજ્ઞપદ અંદરમાં રહેલું છે તે તેની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની આરાધનાથી પૂર્ણપણે પ્રગટ થાય છે. આમ, આત્મા અનંત સુખસ્વરૂપ છે માટે આદરવા લાયક છે અને તેમાં ઠરવા લાયક છે. કેમ ? साक्षादुपादेयभूतादनन्तसुखस्वरूपात्पर-मात्मनः। ભગવાન આત્મા કેમ ઉપાદેય છે ? કેમ તેની કિંમત કરીને મહિમા કરવા લાયક છે ?—કે, અનંત સુખસ્વરૂપ છે માટે તેની કિંમત કરીને તેમાં જ ઠરવા લાયક છે.

જેવો સિદ્ધને અતીન્દ્રિય આનંદ પ્રગટ છે તેવો જ આત્માની અંદર એકરૂપ અતીન્દ્રિય આનંદ ભર્યો પડ્યો છે, માટે તેમાં એકાગ્ર થઈને તે આનંદનો જ અનુભવ કરવા જેવો છે.

ભાઈ ! તેં અત્યાર સુધી શું કર્યું ! શરીર અને તેના સગા-સંબંધીની સેવા કરીને મમતા જ પોષી. કદી અંદરના નિધાનની સંભાળ ન લીધી. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે તું અતીન્દ્રિય અનંત આનંદરસનો પીંડલો છો. એ તો કદી સાંભળ્યું જ નથી અને સાંભળ્યું હોય તો વિચાર કરીને, તુલના કરી નથી કે હું શું માનું છું અને ખરેખર વસ્તુસ્વરૂપ શું છે ! ભગવાન શું કહી રહ્યાં છે તેનો વિચાર જ નથી. કોઈને પૈસા ન હતાં અને ખૂબ મળ્યાં હોય કે કોઈને ઘણાં પૈસા હોય અને ચાલ્યા જાય તેની બહુ આશ્ચર્ય લાવીને વાતો કર્યા કરે....પણ એ તો બધાં પુદ્ગલના ખેલ છે તેના સંબંધી વિકલ્પજાળમાં તારો અનંતકાળ તું ગુમાવી બેઠો.

અરે ! અનંતકાળે આવો મનુષ્યદેહ મહાભાગ્યે મળ્યો છે તેમાં પણ સ્વરૂપની કિંમત નહિ કર અને પરની કિંમતમાં જ રોકાઈશ તો તારું રખડવું મટશે નહિ. 'બહુ પુણ્ય કેરા પુંજથી, શુભદેહ માનવાનો મળ્યો....' આજ સુધી હીરા-માણેક-મોતી પરખ્યા, મકાન પરખ્યા, કપડાં પરખ્યા પણ એક આત્માને પરખ્યો નથી. લાખ-બેલાખના મકાનની પરીક્ષા કરી પણ ભગવાન કોણ છે તેની પરીક્ષા કદી કરી નથી.

અહા ! દૃષ્ટિ કરીને કરવા ઠરવા લાયક તો એક અનંત સુખસ્વરૂપ નિજ આત્મા જ છે. અન્ય દ્રવ્યને જાણવાનો વિકલ્પ તો આવે, આવ્યા વગર રહેતો જ નથી પણ તેમાં ઠરવાનું નથી. નિજ દ્રવ્યના અવલંબન સહિત પરદ્રવ્યના અનલંબનવાળી શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાનો રાગ આવે છે પણ તે પરાધીન અને નાશવાન છે માટે ઉપાદેય નથી.

નિશ્ચય-મોક્ષમાર્ગ સ્વાશ્રિત છે અને વ્યવહાર-મોક્ષમાર્ગ પરાશ્રિત છે, આત્માની સમાધિથી વિરુદ્ધ છે, તેમાં શાંતિ નથી. જ્યારે નિશ્ચય-મોક્ષમાર્ગમાં તો સમાધિ અને શાંતિ છે. વ્યવહાર-મોક્ષમાર્ગ વ્યવહારે પવિત્ર હોવા છતાં નિશ્ચયથી અપવિત્ર છે. ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રરૂપ નિશ્ચયનો મોક્ષમાર્ગ તો પરમાર્થે પવિત્ર છે.

નિશ્ચય-મોક્ષમાર્ગ સાક્ષાત્ મોક્ષનું કારણ છે જ્યારે વ્યવહાર-મોક્ષમાર્ગને તો નિશ્ચયનું કારણ ગણીને પરંપરા મોક્ષનું કારણ કહ્યો છે પણ ખરેખર તે પરાધીન, અશાંતિરૂપ હોવાથી મોક્ષનું કારણ નથી. સ્વભાવની શાંતિની અપેક્ષાએ વ્યવહારને પાપ પણ કહેવામાં આવે છે.

અરે ! એણે પોતાની કિંમત ક્યારેય ન કરી. શાસ્ત્ર ભણી-ભણીને પણ 'ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર' ની કહેવત પ્રમાણે ઝેર જ કાઢ્યું. સમુદ્રમંથન કરીને માખણને બદલે ઝેર કાઢ્યું.

ભગવાન આત્માની કિંમત તો એટલી છે કે ભગવાન પણ વાણીમાં કહી શક્યાં નથી. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યાં નહિ તે પણ શ્રી ભગવાન જો....' ભગવાનના જ્ઞાનમાં તો બધું આવી ગયું પણ વાણી તો જડ છે, આત્માથી વિરુદ્ધ જાત છે તેના વડે ચૈતન્ય, અરૂપી આત્માની મહિમા કેવી રીતે કહી શકાય ! આવા અતીન્દ્રિય સુખસાગર ભગવાન આત્માને ઓળખીને તેની શ્રદ્ધા કરવા લાયક છે અને તે જ અંતરમાં આદરવા લાયક છે. બાકી કાંઈ આદરવા લાયક નથી.

એ....બહાર તડકામાં ન બેસો, અંદર જગ્યા થઈ જશે, અંદર આવતાં રહો....આ માર્ગનું પીરસણું બધાં માટે છે. લે રે લે.....આ મારગ.....આ મારગ તેં કદી જાણ્યો નથી. અનંત સુખસ્વરૂપ આત્મા જ ઉપાદેય છે. બાકી બધું હેય છે. છ દ્રવ્યની શ્રદ્ધાનો રાગ પણ હેય છે.

પાંચ દ્રવ્યની વાત આવી ગઈ. હવે આગળ કાળદ્રવ્યની વ્યાખ્યા કરે છે. કેટલાક સંપ્રદાય કાળદ્રવ્યને માનતાં જ નથી પણ કાળ એક દ્રવ્ય છે, તેનું સ્વરૂપ જેમ છે તેમ જાણીને, તેનો વિકલ્પ છોડવા લાયક છે.

कालु मुणिज्ञहि दव्वु तुहुँ वट्टण-लक्खणु एउ ।
रयणहँ रासि विभिण्ण जिम तसु अणुयहँ तह भेउ ॥२१॥

અર્થ :—હે ભવ્ય ! તું આ પ્રત્યક્ષરૂપ વર્તનાલક્ષણવાળા દ્રવ્યને કાળદ્રવ્ય જાણ ! અર્થાત્ પોતાથી સ્વયં પરિણમતા દ્રવ્યોને, કુંભારના ચાકની નીચેની ખીલીની જેમ જે બહિરંગ સહકારી કારણ છે તે કાળદ્રવ્ય છે. કાળદ્રવ્ય અસંખ્ય છે તથા એક પ્રદેશી છે. જેમ રત્નની રાશિમાં રત્નો પરસ્પર મળતાં નથી, જુદાં જુદાં છે તેમ, કાળના અણુઓ જુદાં જુદાં રહે છે, પરસ્પર મળતાં નથી.

ચૌદ રાજલોકમાં અનંતા જીવદ્રવ્ય છે, અનંતા પરમાણુઓ છે, તેમ કાળદ્રવ્ય અસંખ્ય છે. તે કાળના એક એક અણુ લોકાકાશના એક એક પ્રદેશ ઉપર સ્થિત છે. 'વર્તના' એ કાળદ્રવ્યનું લક્ષણ છે એટલે કે દરેક દ્રવ્યો પરિણમે છે તેમાં કાળદ્રવ્યનું નિમિત્ત છે. જેમ કુંભારનું ચક્ર સ્વયં ચાલે છે પણ તેમાં વચ્ચેની ખીલીનું નિમિત્ત હોય છે તેમ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ આ બધાં દ્રવ્યો સમયે સમયે

સ્વયં–પોતાથી પરિણમન કરે છે તેમાં કાળદ્રવ્યનું નિમિત્ત હોય છે.

સર્વ દ્રવ્યોનું પરિણમન–અવસ્થાંતર–રૂપાંતર પોતાથી જ થાય છે પણ તે જ સમયે સાથે સહકારીકારણ તરીકે કાળદ્રવ્ય હોય છે. કાળદ્રવ્ય અરૂપી છે. સંખ્યાએ અસંખ્ય છે તે દરેકને કાળણુ કહેવાય છે. તે કદી એક-બીજામાં મળી જતાં નથી, અલગ અલગ રહે છે. કેટલાંક લોકો કાળને માનતાં જ નથી પણ આ તો ભગવાને કહેલું વસ્તુનું સ્વરૂપ છે. માટે, છ દ્રવ્યની વ્યવહારશ્રદ્ધામાં કાળદ્રવ્યનું સ્વરૂપ પણ જાણવા યોગ્ય છે. કાળદ્રવ્યને ન માને તેની વ્યવહારશ્રદ્ધામાં ખોટ છે તેથી તેને આત્માની નિશ્ચયશ્રદ્ધા પણ થઈ શકે નહિ.

હવે શિષ્ય પ્રશ્ન પૂછે છે કે 'સમય' અર્થાત્ 'કાળ' પોતે જ નિશ્ચયકાળ છે! અન્ય નિશ્ચયકાળ નામનું કોઈ દ્રવ્ય તો અમને જણાતું નથી. તેનું શ્રીગુરુ સમાધાન કરે છે કે 'સમય' એ તો કાળદ્રવ્યની પર્યાય છે કેમ કે તે તો નાશ પામે છે. દ્રવ્ય તો ત્રિકાળી છે. જેમ સોનું એ દ્રવ્ય છે અને કડા, કુંડળ આદિ તેની પર્યાય છે તેમ કાળદ્રવ્યનું છે અને એક સમય, બે સમય....આદિ તેની પર્યાય છે.

પર્યાય કદી પર્યાયવાન એટલે દ્રવ્ય વિના હોતી નથી. પર્યાય તો એક સમયે થઈને બીજા સમયે નાશ થાય છે અને દ્રવ્ય તો સદાય રહે છે. પંચાસ્તિકાયમાં પણ આવું જ કહ્યું છે, 'समओ उप्पण्णपद्धंसी' અર્થાત્ સમય ઉત્પન્ન થાય છે અને નાશ થાય છે તેથી જણાય છે કે સમય પર્યાય દ્રવ્ય વિના ન હોઈ શકે. એક સમય, બે સમય, એક સેકંડ, મિનિટ, કલાક એ બધાં સમયો પર્યાય છે. તે ત્રિકાળી દ્રવ્યનો એક અંશ છે. પર્યાય કદી દ્રવ્ય વિના ન હોય. અવસ્થા અવસ્થાવાન વિના ન હોય. માટે, એક સમયની દશા દશાવાન પદાર્થ વિના હોઈ ન શકે.

હવે એ વિચાર કરીએ કે 'સમય' ક્યા દ્રવ્યની પર્યાય છે? જો એ પુદ્ગલની પર્યાય હોય તો પુદ્ગલ જેમ મૂર્ત છે તેમ સમય પર્યાય પણ મૂર્ત હોવી જોઈએ. પરંતુ, સમય તો અમૂર્તિક છે, તેને રૂપ નથી. માટે તે પુદ્ગલની પર્યાય તો નથી.

સમયનું માપ શું છે?–કે, એક પુદ્ગલ પરમાણુ આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશ સુધી જાય એટલા કાળને એક સમય પર્યાય કહેવાય છે. આમ, સમયનું માપ પુદ્ગલ-પરમાણુથી થાય છે પણ સમય પોતે પુદ્ગલની પર્યાય નથી. સમય તો 'કાળ' નામના દ્રવ્યની જ પર્યાય છે.

નેત્રના પલકારામાં 'નિમેષ' થાય છે. હાથાદિકના વ્યાપારથી 'ઘટિકા' થાય છે

અને સૂર્યબિંબના ઉદયથી 'દિવસ' થાય છે. આ બધી કાળદ્રવ્યની પર્યાય છે તે પુદ્‌ગલ-દ્રવ્યના નિમિત્તથી થાય છે પણ પર્યાયોનું મૂળકારણ પુદ્‌ગલદ્રવ્ય નથી. મૂળકારણ તો કાળદ્રવ્ય જ છે.

જેમ મૂર્તિક એવી માટીના ઢગલામાંથી બનતો ઘડો પણ મૂર્તિક હોય છે તેમ 'સમય' જો મૂર્તિક પુદ્‌ગલમાંથી બનતો હોય તો મૂર્તિક હોવો જોઈએ પણ સમય મૂર્તિક નથી, અમૂર્તિક છે માટે 'સમય' અમૂર્ત એવા કાળદ્રવ્યનો જ પર્યાય છે. જ્યાં જ્યાં પર્યાય અર્થાત્‌ અવસ્થા હોય ત્યાં ત્યાં દ્રવ્ય હોય છે. દ્રવ્ય વિના અવસ્થા હોતી નથી.

આ તો જૈનદર્શન છે ભાઈ ! લોજિકથી વસ્તુને સિદ્ધ કરે છે. આ આંગળી જેટલા ક્ષેત્રમાં છે તેટલા જ ક્ષેત્રમાં તે પુદ્‌ગલદ્રવ્યના પરમાણુઓ છે. તેમ જ્યાં સમય છે ત્યાં તેનો કાળાણુ દ્રવ્ય છે તેની જ એ અવસ્થા છે. એક સમયની અવસ્થા છે તે તો નાશવાન છે અને કાળાણુ દ્રવ્ય તો અવિનશ્વર છે. દ્રવ્યમાં જ હમેંશા અવિનાશીપણું હોય છે, પર્યાયમાં હોતું નથી માટે, સમય, નિમેષ, કલાક, આદિને કાળદ્રવ્યની જ પર્યાય જાણવી જોઈએ. પુદ્‌ગલદ્રવ્યની પર્યાય નહિ. પુદ્‌ગલપર્યાય તો મૂર્તિક હોય છે.

હવે છેલ્લે સારાંશ એ કહે છે કે સર્વથા ઉપાદેય શુદ્ધ શુદ્ધ કેવળસ્વભાવ જે જીવ, તેનાથી કાળદ્રવ્ય ભિન્ન છે માટે હેય છે. તેથી કાળદ્રવ્યને જાણીને, શ્રદ્ધીને તેનો વિકલ્પ છોડવા જેવો છે.

જેમ જમીને હાથ ધુઓ છો ને ! જમ્યા વિના ધોતા નથી તેમ કાળદ્રવ્યને જાણીને તેનો વિકલ્પ છોડવા જેવો છે, જાણ્યા વિના નહિ. કેમ કે કાળ આદિ છ એ દ્રવ્ય વ્યવહારસમકિતનો વિષય હોવાથી જાણવા લાયક તો છે પણ આદરવા લાયક નથી.

સર્વથા આદરવા લાયક તો જે શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવી જીવદ્રવ્ય છે તે જ ઉપાદેય છે. આત્મા શુદ્ધ નામ પવિત્ર છે, બુદ્ધ નામ જ્ઞાનની મૂર્તિ છે અને કેવળ નામ એક અખંડ દ્રવ્ય છે, તેનાથી કાળદ્રવ્ય જુદો છે માટે હેય છે, આદરવાલાયક નથી. આ સારાંશ છે.

આત્મા જ્ઞાનાનંદ છે એમ જાણ્યો અને આદરવો તથા રાગ હેય છે એમ જાણીને તેને છોડવો. તેમ કાળાદિ દ્રવ્યોને જાણવા, માનવા પણ તેનો વિકલ્પ છોડી દેવો.

હવે ૨૨મી ગાથામાં દ્રવ્યોની સંખ્યા કહે છે કે જીવ, પુદ્‌ગલ અને કાળ આ ત્રણ દ્રવ્ય અનેક છે અને ધર્મ, અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્ય એક એક છે. વ્યવહારશ્રદ્ધામાં દ્રવ્યોની સંખ્યા પણ જાણવી જોઈએ.

जीउ वि पुग्गलु कालु जिय ए मेल्लेविणु दव्व ।
इयर अखंड वियाणि तुहुँ अप्प-पएसहिँ सव्व ।।२२।।

અર્થ :—હે જીવ ! તું જીવ પુદ્ગલ અને કાળદ્રવ્યને છોડીને (આ ત્રણ દ્રવ્ય સિવાયના) ધર્મ, અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્યને પોતાના પ્રદેશોથી અખંડિત એક એક દ્રવ્ય જાણ !

જીવદ્રવ્યની સંખ્યા અનંત છે. પુદ્ગલ દ્રવ્યની સંખ્યા તેનાથી પણ અનંત છે અને કાળદ્રવ્ય અસંખ્ય છે. સર્વજ્ઞભગવાને જ્ઞાનમાં આ બધું જેમ છે તેમ જોયું છે અને જેમ છે તેમ કહ્યું છે. બટાટાની એક રાય જેવડી કટકીમાં અસંખ્ય તો શરીર છે અને એક એક શરીરમાં અનંત જીવ છે, તે અનંત એટલે કેટલા ?–કે અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા છે તેનાથી અનંતગુણા જીવ એક શરીરમાં છે. આ બધું જીવે શ્રદ્ધામાં લેવું જોશે. કેમ કે વ્યવહારસમકિતના વિષયમાં આ બધું આવી જાય છે. બટાટામાં જ આટલા જીવ છે એમ નહિ, ડુંગળી, શકરકંદ આદિ બધાં અનંતકાયમાં એક-એક ઔદારીક શરીરમાં અનંતા જીવ રહેલાં છે. સિદ્ધભગવાન છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ થાય છે. અનંતકાળથી અનંત જીવો સિદ્ધ થઈ રહ્યાં છે તેનાથી અનંતગુણા જીવો આ નિગોદ-શરીરમાં છે. આમ, જીવોની સંખ્યા અનંત છે તે તેણે શ્રદ્ધામાં લેવી જોઈએ, પછી તેનો વિકલ્પ છોડી દેવો જોઈએ.

જીવની સંખ્યા કરતાં પુદ્ગલની સંખ્યા અનંતગણી છે અને કાળદ્રવ્યની સંખ્યા અસંખ્ય છે. ચૌદ બ્રહ્માંડમાં એક એક આકાશના પ્રદેશ ઉપર એક એક કાળાણુદ્રવ્ય રહેલાં છે. આમ, જીવ પુદ્ગલ અને કાળ દ્રવ્ય ઘણાં છે માટે, ઘણાં માનવાં અને તે ત્રણ સિવાયના ધર્મ, અધર્મ અને આકાશદ્રવ્ય અખંડ એક-એક દ્રવ્ય છે તેને એક-એક જાણવાં. ધર્મ, અધર્મ અને આકાશ પોત-પોતાના પ્રદેશોથી અખંડ છે. જૈનશાળામાં આ છ દ્રવ્ય અને તેનું સ્વરૂપ, તેની સંખ્યા, તેના પ્રદેશ, તેના લક્ષણ, તેનું કાર્ય વગેરે બધું શીખવું અને સમજવું જોઈએ. બીજા માત્ર પાઠી ગોખી જવાનો કાંઈ અર્થ નથી.

ભાવાર્થ :–જીવદ્રવ્યની જુદી જુદી ગણના કરો તો અનંત જીવદ્રવ્ય છે, બધાં થઈને એક જીવદ્રવ્ય નથી, અનંત જીવો છે.

જુઓ ને ! તળાવમાં પાણી ઉપર લીલફૂગના ગોદડાં જામી જાય છે ને ! તેમાં એક જીવ નથી, અનંતજીવ છે. જે લીલો ભાગ દેખાય છે તે તો શરીર છે પણ તેની અંદર જીવ હોય છે. કેટલાં ?–કે એક, બે નહિ પણ અનંતજીવ હોય છે. પૂર્વે અનંતવાર તું તેમાં જઈ આવ્યો....ત્યાંથી નીકળીને આ મનુષ્યપણામાં માંડ આવ્યો છે એને ક્યાં

ભાન છે કે હું ક્યાં હતો અને ક્યાં આવ્યો છું! અહીં કોઈએ જેલમાં પૂર્યો હોય તો કેટલો દુ:ખી થાય છે અને જેલમાંથી નીકળે તો કેટલો ખુશી થાય છે! તેમ આ નિગોદની જેલમાંથી નીકળીને અહીં આવ્યો છો ભાઈ!

શ્રોતા :—પણ કાંઈ યાદ નથી આવતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :—યાદ તો આ ભવના પણ નાનપણના છ મહિનાની વાત કાંઈ યાદ આવે છે? તો શું ન હતું? યાદ ન આવે માટે ન હતું એમ કેમ મનાય? એણે પોતાની દરકાર જ કદી કરી નથી, રખડવાની દરકાર કરી છે. જન્મીને છ-બાર મહિના રોયા હશો, દૂધ પીધાં હશે—એ કાંઈ યાદ નથી આવતું માટે નથી? એમ, અનંતકાળ નિગોદમાં વીતાવ્યો તે ભૂલી ગયો માટે ખોટું છે? એમ નથી ભાઈ! આ તો સર્વજ્ઞભગવાન તને તારો ભૂતકાળ બતાવે છે. નાનપણ વીત્યા વગર ૪૦-૫૦ વર્ષના કોઈ થઈ જતાં નથી એ તો ન્યાયની વાત છે તેમ, જીવ અનંતકાળથી છે તો પૂર્વે નરક-નિગોદમાં કાળ વીતાવ્યો છે એ ન્યાયથી પણ બેસે તેવી વસ્તુસ્થિતિ છે. આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની કોર્ટ છે.

ભગવાન કહે છે-જીવો અનંત છે, પુદ્‌ગલદ્રવ્ય જીવથી અનંતગુણા છે, કાળાણુ અસંખ્ય છે તે જીવ કે અજીવની પર્યાય નથી પણ કાળ નામનું દ્રવ્ય છે. આમ, જાણ! ધર્મદ્રવ્ય એક છે અને આખાં લોકમાં વ્યાપ્ત છે. અધર્મ દ્રવ્ય પણ લોકવ્યાપી એક દ્રવ્ય છે. ધર્મ અને અધર્મ બંને દ્રવ્ય અસંખ્યપ્રદેશી છે. આકાશદ્રવ્ય અલોક અપેક્ષાએ અનંતપ્રદેશી છે, કારણ કે આકાશ અરૂપી, અમાપક્ષેત્રી દ્રવ્ય છે. ખાલી જગ્યાનો ક્યાંય અંત નથી એ ખાલી ભાગ જ આકાશદ્રવ્ય છે, તેની અસ્તિ દરેક જગ્યાએ છે, તેની નાસ્તિ ક્યાંય નથી. એમ તારા જ્ઞાનમાં સ્વીકાર કરજે કારણ કે આ બધો વ્યવહાર-સમ્યગ્દર્શનનો વિષય છે. લોક અપેક્ષાએ આકાશદ્રવ્ય અસંખ્યપ્રદેશી છે.

દરેક દ્રવ્યને પોતપોતાના પ્રદેશ છે. કોઈ દ્રવ્યના પ્રદેશ બીજા ક્ષેત્રથી અસ્તિ નથી, દરેકને પોતાનું ક્ષેત્ર છે. કોઈ દ્રવ્યના પ્રદેશ બીજા દ્રવ્યમાં ભળી જતાં નથી. જીવના પ્રદેશ શરીરમાં ભળતાં નથી અને શરીરના પરમાણુના પ્રદેશ જીવમાં ભળી જતાં નથી. ધર્મદ્રવ્યના પ્રદેશ અધર્મમાં ભળી જતાં નથી કે અધર્મના પ્રદેશ ધર્મમાં ભળી જતાં નથી, દરેકનું ક્ષેત્ર ભિન્ન-ભિન્ન છે.

આ પ્રકારે છ દ્રવ્ય છે તેમાં જીવ જ ઉપાદેય છે તેમાં જોકે શુદ્ધ નિશ્ચયથી શક્તિની અપેક્ષાએ બધાં જીવ ઉપાદેય છે તોપણ, વ્યક્તિ અપેક્ષાએ પંચપરમેષ્ઠી જ ઉપાદેય છે. જીવની શક્તિ અપેક્ષાએ તો બધાં આત્મા જ્ઞાન-આનંદ આદિ અનંત

ગુણની મૂર્તિ છે. તેથી બધાં આદરવા લાયક છે. અનંતા આત્માઓ પરમાત્મસ્વરૂપ છે. આખો લોક ભગવાન આત્માથી ભરેલો છે તેમાંથી પ્રગટ નિર્મળતા તો પાંચ પરમેષ્ઠી–અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને જ છે માટે, પંચપરમેષ્ઠી આદરણીય–ઉપાદેય છે.

શક્તિએ તો બધાં આત્મા પરમાનંદની મૂર્તિ છે પણ તેની એક સમયની દશામાં વિકાર, ભ્રમણા, અજ્ઞાન આદિ છે. વસ્તુદૃષ્ટિએ તો શુદ્ધ જ છે. લીંડીપીપરના દરેક દાણામાં ૬૪ પહોરી તીખાશ ભરેલી છે તેમ દરેક આત્મવસ્તુમાં પૂરેપૂરી શક્તિ ભરેલી છે. તેને પંચપરમેષ્ઠીએ પોતાની પર્યાયમાં પ્રગટ કરી છે. તેમાં અરિહંત અને સિદ્ધે તો પૂરી શક્તિ પર્યાયમાં પ્રગટ કરી છે અને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુએ અપૂર્ણ શક્તિ પર્યાયમાં પ્રગટ કરી છે તેથી પાંચ પરમેષ્ઠીમાંથી અરિહંત અને સિદ્ધ પૂર્ણ પવિત્રદશાને પ્રાપ્ત હોવાથી ઉપાદેય છે. તેમાં પણ સિદ્ધને સર્વપ્રકારે પૂર્ણદશા પ્રાપ્ત હોવાથી સિદ્ધભગવંતો જ ઉપાદેય છે.

આ રીતે, વિકલ્પમાં તો સિદ્ધ ભગવાન સર્વથી ઉપાદેય છે પરંતુ નિશ્ચયનયથી મિથ્યાત્વ, રાગાદિ વિભાવ પરિણામના અભાવમાં વિશુદ્ધાત્મા જ ઉપાદેય છે એમ જાણવું. દરેક જીવને પોતાનું વિશુદ્ધ નિર્મળાનંદસ્વરૂપ જ ઉપાદેય છે. નિર્વિકલ્પ અનુભૂતિકાળે નિજ શુદ્ધાત્મા જ આદરણીય છે. વિકલ્પના કાળમાં પૂર્ણ પવિત્ર એવા અરિહંત, સિદ્ધ આદિ આદરણીય છે.

હું રાગી કે અલ્પજ્ઞ છું, મારું સુખ પરમાં છે એવી બધી ભ્રમણા છોડી, અંતર-અનુભવમાં વિશુદ્ધાત્મા જ ઉપાદેય-આદરણીય છે એ આ ગાથાનો ભાવાર્થ છે.

છ દ્રવ્યનું સ્વરૂપ, તેની સંખ્યા, તેના પ્રદેશ આદિ જેમ છે તેમ જાણી, અનંત જીવોની શક્તિ વિશુદ્ધ છે તેને બરાબર માનવી. તેમાંથી જે પર્યાયમાં પવિત્રતાને પ્રાપ્ત થયાં છે તેવા પંચપરમેષ્ઠીને પૂજ્ય માનવા. તેમાંથી અરિહંત અને સિદ્ધને પૂર્ણદશા પ્રાપ્ત હોવાથી ઉપાદેય માનવા. તેમાંથી સિદ્ધને વિશેષ આદરણીય માનવાં. તેનાથી પણ શુદ્ધ આત્માને આદરણીય માનવો કારણ કે સિદ્ધના લક્ષે તો રાગ થાય છે-વિકલ્પ ઉઠે છે તે તો હેય છે માટે પરમાર્થે તો, ભ્રમણા અને વિકલ્પની જાળ છોડી, વિભાવથી છૂટાં પડેલા નિજ આત્માને અનુભવવો–તેનું નામ ધર્મ છે, તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શન–જ્ઞાનમાં આત્મા જ આદરણીય છે તેનું નામ ધર્મ કહેવાય છે.

[ક્રમશઃ]

*

# * પરમાત્મસ્વરૂપની પરખ *

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૬૬)

આ, શ્રી સમયસાર નાટકનો સંવરદ્વાર છે, તેમાં ભેદવિજ્ઞાનનું મહત્વ બતાવતાં બનારસીદાસ લખે છે કે

सुद्ध सुछंद अभेद अबाधित,
भेदविग्यान सुतीछन आरा ।
अंतरभेद सुभाव विभाऊ,
करै जड़-चेतनरूप दुफारा ॥
सो जिन्हके उरमैं उपज्यौ,
न रुचै तिन्हकौं परसंग-सहारा ।
आतमको अनुभौ करि ते,
हरखैं परखैं परमातम-धारा ॥३॥

અર્થ :—શુદ્ધ, સ્વતંત્ર, એકરૂપ, નિરાબાધ, ભેદવિજ્ઞાનરૂપ તીક્ષ્ણ કરવત અંદર પ્રવેશીને સ્વભાવ–વિભાવ અને જડ–ચેતનને જુદાં જુદાં કરી નાંખે છે. તે ભેદવિજ્ઞાન જેમના હૃદયમાં ઉત્પન્ન થયું છે તેમને શરીર આદિ પરવસ્તુનો આશ્રય રુચતો નથી, તેઓ આત્મ-અનુભવ કરીને પ્રસન્ન થાય છે અને પરમાત્માનું સ્વરૂપ ઓળખે છે.

શું કહે છે!—ભેદવિજ્ઞાન શુદ્ધ છે–એટલે કે જેને શરીર, વાણી, મન આદિ જડપદાર્થથી જુદાં અને શુભાશુભરાગથી જુદાં ચૈતન્યસ્વભાવનું જ્ઞાન થયું તે જ્ઞાન શુદ્ધ છે. જડ તો ચેતનથી જુદું છે જ પણ ચેતનમાં ઊઠતાં રાગાદિ વિકાર પણ અપરાધ હોવાથી ચેતનનો સ્વભાવ નથી, તે રાગથી ભિન્ન પડેલું જ્ઞાન 'શુદ્ધ' છે. આ શુદ્ધ એવા ભેદજ્ઞાનથી જ ધર્મની પ્રથમ શરૂઆત થાય છે.

ભેદવિજ્ઞાન સ્વતંત્ર છે. તે કોઈ નિમિત્તનો કે રાગનો સહારો લેતું નથી માટે ભેદજ્ઞાન સ્વચ્છંદ એટલે કે સ્વાધીન છે. વળી, ભેદજ્ઞાન ભેદરહિત છે–અભેદ છે–એકરૂપ છે. વિકલ્પો તો અનેક હતાં તેનાથી જુદું પડીને જે ભેદજ્ઞાન પ્રગટ થયું તે એકરૂપ છે, તેમાં અનેકતા કે વિવિધતા નથી પણ એકરૂપતા છે.

ધર્મ એટલે શાંતિના પંથે ચડતો, પૂર્ણશુદ્ધ એવી મુક્તિના પંથે ચાલ્યો જતો

ભેદવિજ્ઞાની–ધર્મીજીવ ભલે ગૃહસ્થાશ્રમમાં રાજ-પાટમાં દેખાય છતાં તેની શુદ્ધસ્વભાવમાં એકાકાર દૃષ્ટિ છે તેમાં ભંગ પડતો નથી અને તેને કોઈ બાધા પહોંચાડી શકતું નથી. શુદ્ધચૈતન્યના ભાનમાં ધર્મીને વિઘ્ન કરે એવી કોઈ ચીજ જગતમાં નથી. એવું આ ભેદવિજ્ઞાન અબાધિત હોય છે.

જેમ શેરડીનો કૂચો અને રસને જુદાં પાડીને રસ પીએ ત્યારે સ્વાદ આવે છે તેમ, શુભાશુભરાગ અને જડથી ચેતનને જુદો પાડીને અનુભવે ત્યારે તેનો સ્વાદ આવે છે. મૂળ શ્લોકમાં चैद्रूप्यं जडरूपतां च दधतोः कृत्वा विभागं...નો આ અર્થ છે. ઝીણી વાત છે. લોકો માને છે તેવું ધર્મનું રૂપ નથી. ભગવાનની ભક્તિ કરવી, પૂજા કરવી, વ્રત કરવા, દાન દેવું એ કોઈ ધર્મ નથી, શુભભાવ છે રાગ છે.

શ્રોતા :—એ ધર્મ નથી પણ ધર્મનું કારણ તો થાય ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—રાગ તે ધર્મનું કારણ કેમ થાય! ભેદજ્ઞાનની તીક્ષ્ણધારા વડે ચૈતન્યરૂપ અને રાગને જુદાં પાડી દે ત્યારે ધર્મ થાય છે. કરવત મૂકતાં જેમ લાકડાંનાં બે ભાગ પડી જાય છે તેમ, ભેદવિજ્ઞાનરૂપી કરવત મૂકતાં જ્ઞાનાનંદસ્વભાવી ચૈતન્ય અને પુણ્ય-પાપરૂપી રાગ જુદાં પડી જાય છે. ભેદજ્ઞાની જીવને રાગની વૃત્તિ તો ઊઠે છે પણ રાગથી ચૈતન્યસ્વભાવ ભિન્ન ભાસે છે અને ચૈતન્યસ્વભાવથી રાગ ભિન્ન ભાસે છે. આવું ભેદજ્ઞાન વર્તે છે તેને જ ધર્મ અર્થાત્ સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

अंतर भेद सुभाव विभाऊ, करै जड़चेतनरूप दुफारा। દુફારા એટલે બે કટકા કરી નાંખે છે. એક જ્ઞાનાનંદનો ભાગ અને એક રાગ–વિકલ્પનો ભાગ, બંનેને જુદાં પાડી દે છે. અનાદિથી જીવને સંસારદશામાં રાગ તો છે જ. રાગ ન હોય તો તો રખડવાનું રહે જ નહિ. એ રાગને પોતાના સ્વભાવથી જુદો જાણે છે. જેમ ચૂરમું ખાતો હોય અને કાંકરી મોઢામાં આવે તો તરત એ કાંકરીને જુદી પાડી દે છે અને માલ ખાઈ જાય છે તેમ ધર્મી રાગની કાંકરીને જુદી પાડી દે છે અને એકલા જ્ઞાનાનંદના સ્વાદનો અનુભવ કરે છે.

બીજાને એમ લાગે કે આ લોકોને કરવું-ધરવું કાંઈ નહિ અને આનંદ લેવા માંગે છે, એમ કહીને મશ્કરી કરે...પણ અહીં તો 'કરવું એ મરવું છે.' સત્ચિદાનંદ પ્રભુ પોતે પરમાત્મા છે તેને ઓળખવો એ કરવાનું છે. ચિદાનંદપ્રભુને વિભાવથી જુદો અનુભવવો અને જડથી જુદું પડી જવું બસ, આ કરવાનું છે, તેના ફળમાં આનંદ... આનંદ...આનંદ છે.

सो जिन्हके उरमें उपज्यौ, न रुचे तिन्हकौं परसंग–सहारा। વિકલ્પ અને નિર્વિકલ્પ-તત્ત્વ વચ્ચે જેને ભેદ ઉપજ્યો છે તેને કોઈ પરદ્રવ્યનો સહારો કે વિકલ્પનો સંગ રુચતો નથી. શુભાશુભરાગનો પરિચય તેને ગોઠતો નથી. અતીન્દ્રિય આનંદ સ્વભાવની રુચિ થઈ છે તેની પાસે રાગ તો ઝેર સમાન લાગે છે–રુચતો નથી. आतमको अनुभौ करि ते, हरखै परखैं परमातम–धारा। ધર્મીજીવ નિજ આત્માનો અનુભવ કરીને આનંદને વેદે છે અને મારું શુદ્ધ ધ્રુવ ચૈતન્યસ્વરૂપ જ પરમાત્મસ્વરૂપ છે એમ પરખી લે છે.

ભગવાન ત્રિલોકીનાથ હો કે પ્રતિમા હો, તેના પ્રત્યેની ભક્તિનો ભાવ રાગ છે–શુભભાવ છે–આત્માનો સ્વભાવ નથી. ધર્મીને પ્રસન્નતા તો આત્માના આનંદની છે પણ તેનો અર્થ એવો નથી કે ભગવાન પ્રત્યે ભક્તિ આદિનો શુભરાગ ઊઠે જ નહિ. રાગ તો ઊઠે છે પણ તેમાં ધર્મબુદ્ધિ નથી.

ધર્મી પરીક્ષા કરીને શુદ્ધભાવને પરખી લે છે કે આ જ પરમાત્મા છે. ધ્રુવ ઉપર લક્ષ જાય છે ત્યાં તેની પરખ થઈને આનંદનો સ્વાદ આવે છે. પર્યાયને ધ્રુવમાં વાળવી એમ કહેવા કરતાં પર્યાયનું લક્ષ ધ્રુવ ઉપર જાય છે ત્યાં ઉપયોગમાં આનંદનો સ્વાદ આવે છે. ઉપયોગ સદાય ધ્રુવ ઉપર ન હોય પણ લબ્ધમાં આનંદ તો સદાય હોય. આત્મામાં જ આનંદ છે એવું ભાન નિરંતર રહે છે, ચોવીશે કલાક તેની દૃષ્ટિ તો સદાય ધ્રુવ ઉપર જ પડી છે, રાગ ઉપર દૃષ્ટિ નથી. રાગને જાણે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે કેમ કે, રાગને જાણવાનું લક્ષ નથી, રાગ જણાય જાય છે કારણ કે પોતાનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. રાગને જાણું એવો ભાવ નથી.

જ્ઞાનના અસ્તિત્વમાં સ્વ અને પરનું જ્ઞાન રહે છે. જ્ઞાન દ્રવ્ય સાથે અભેદ થયું એટલે દ્રવ્ય જેવું શુદ્ધ છે તેવી શુદ્ધતા પર્યાયમાં પ્રગટે છે. ધ્રુવ અને પર્યાય એક થઈ જતા નથી. વસ્તુસ્થિતિ બહુ સૂક્ષ્મ છે.

અહીં તો કહે છે કે અનુભવરસ વેદતાં, આ આત્મા છે તે જ પરમાત્મા છે એમ પરખાય જાય છે આત્મા જ પરમાત્મા છે એવો વિકલ્પ ઊઠતો નથી પણ પરખ થઈ જાય છે. પૂર્ણશુદ્ધ ધ્રુવસ્વરૂપ તરફ પર્યાયનું વલણ છે તેથી હું જ પરમાત્મા છું એમ અનુભવમાં આવે છે તેથી બીજા કોઈ પરમાત્મા છે અને તેણે આ જગત બનાવ્યું છે તેથી મારો કર્તા ઈશ્વર છે એવી ભ્રાંતિ ટળી જાય છે. આ બધી ચોથા ગુણસ્થાનની વાત છે. તેમાં આવો અનુભવ થાય છે. શ્રાવકની દશા તો તેનાથી ઊંચી છે અને મુનિદશા તો ઘણી ઊંચી છે પણ દૃષ્ટિ તો ચોથા ગુણસ્થાનથી જ ધ્રુવ ઉપર છે.

વસ્તુ તદ્દન નિરાળી છે. શરીર અને કર્મથી તો વસ્તુ ભિન્ન જ છે પણ રાગથી

પણ ભિન્ન પડે ત્યારે તેનો નિરાળો અનુભવ થાય છે. આ વાત સંપ્રદાયમાં–વાડામાં ક્યાંય નથી. વાડામાં તો ચીભડાં હોય પણ સાંઠા ન હોય. આનંદ-અમૃતના સાંઠા તો વસ્તુના અનુભવમાં જ મળે છે.

આમાં કાંઈ પૈસાથી મોટા થવાય એવી વાત પણ નથી. પૈસા તો મોટા કતલખાના ચલાવનારા પાસે ઘણાં હોય છે. અમેરિકામાં દોઢ માઈલના વિસ્તારમાં જેનું કતલખાનું છે તેની પાસે પૈસા કેટલાં હશે! એક વેશ્યા પાસે પણ કરોડ રૂપિયા હોય. તેથી શું! પૈસાથી જીવની મોટાઈ નથી. પરદેશથી એક 'પોપ' મુંબઈમાં આવ્યો હતો તો, લોકોએ તેને ભેટમાં મોટર, પૈસા અને કેટલી તો વસ્તુઓ આપી કે મોટી બોટમાં ભરીને પરદેશ ગયો. તેથી શું થયું! એ તો બધું માટી–ધૂળ છે. અહીં તો કહે છે કે એ વસ્તુથી મોટાઈ તો નથી પણ તેને મારી માનનારા જીવ 'મૂઢ' છે, પાડા જેવા જડ છે.

અરે! દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ ઊઠે છે તે મારું કલ્યાણ કરનાર છે કે મને ધર્મ કરવામાં સહાય કરશે એમ માનનાર પણ મૂઢ છે, દીન છે, દુઃખી છે, ભિખારી છે, પાપી છે. આવી વાત છે ભાઈ! ધનરૂપી ધૂળમાં તો કાંઈ નથી પણ શુભભાવથી પણ કાંઈ લાભ નથી. એ ભાવ તારો સ્વભાવ નથી, તેનાથી તને લાભ થવાનો નથી. માટે તેનાથી જુદો પડ અને જુદો છો એવું જ્ઞાન કર તો સ્વતંત્રપણે પરમાત્માને ઓળખી શકીશ.

ભાવાર્થ :—જ્ઞાન પરભાવથી રહિત છે તેથી શુદ્ધ છે. પુણ્ય-પાપના ભાવથી જ્ઞાનસ્વભાવ રહિત છે માટે શુદ્ધ છે. આ પહેલો બોલ થયો. (બીજો)—જ્ઞાન નિજ-પરનું સ્વરૂપ બતાવે છે તેથી સ્વતંત્ર છે. શરીર અને રાગ છે માટે આત્માને જ્ઞાન થાય છે–એમ નથી. જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે માટે સ્વ-પરનું જાણવું સ્વતંત્રપણે જ્ઞાનથી જ થતું હોવાથી જ્ઞાન સ્વતંત્ર છે. જ્ઞેયને જાણવામાં જ્ઞાનને જ્ઞેયની અપેક્ષા નથી. જ્ઞાન સ્વ અને પરને જાણવાની સ્વતંત્ર તાકાત ધરાવે છે માટે જ્ઞાનને પરતંત્રતા નથી. (ત્રીજો બોલ) જ્ઞાન એક છે કેમ કે તેમાં કોઈ પરવસ્તુનો મેલ નથી. અનાદિ-અનંત જ્ઞાન એકરૂપ છે, રાગના અંશનો પણ જ્ઞાનમાં મેલ નથી. આવા નિરાળા જ્ઞાનસ્વરૂપી આત્માને ધર્મીએ જાણ્યો છે અને અનુભવ્યો છે માટે તેને ભેદજ્ઞાની કહેવાય છે.

પ્રથમ જ્ઞાનમાં કબૂલાત તો ઘણી આવે છે કે પર્યાયમાં વિકાર હતો, વિકારમાં બીજી ચીજનું લક્ષ હતું, બીજી ચીજના લક્ષ વગર વિકાર થતો નથી,. વિકાર પર્યાય છે માટે નવી ઉપજે છે અને નાશ પણ થાય છે, સ્વભાવ તો અનાદિ-અનંત શુદ્ધ

છે, આત્મામાં ગુણો નવા ઉત્પન્ન થતાં નથી કે નાશ પામતા નથી, સદાય ગુણો તો છે...છે...છે...આવી સમજણ પર્યાયમાં થઈ–વસ્તુસ્થિતિનો ખ્યાલ આવ્યો ત્યારે જ તેનું વલણ આત્મામાં ગયું છે કારણ કે આત્માની સ્થિતિનો ખ્યાલ આવ્યા વગર યથાર્થપણે આત્મામાં વલણ ન થાય. વસ્તુ સદાય સદૃશપણે છે અને ઉત્પાદ્-વ્યયમાં વિસદૃશતા છે એ બધો ખ્યાલ આવે ત્યારે જ અંતરમાં વલણ થઈ શકે છે.

(ચોથો બોલ) જ્ઞાન અબાધિત છે કારણ કે તેમાં નય–પ્રમાણની બાધા નથી. નિશ્ચયનયથી ધ્રુવ શુદ્ધ છે, વ્યવહારનયથી અશુદ્ધ છે એવો પ્રથમ વિકલ્પથી નિર્ણય કરતો હતો તેને છોડીને સ્વરૂપનો અનુભવ કરે છે તેમાં જ્ઞાનને કોઈ બાધા આવતી નથી.

આવા ભેદવિજ્ઞાનની તીક્ષ્ણ કરવત જ્યારે અંદર પ્રવેશ કરે છે ત્યારે સ્વભાવ–વિભાવનું પૃથક્કરણ કરી નાંખે છે અને જડ–ચેતનાનો ભેદ બતાવે છે. હંસની ચાંચ દૂધમાં પડતાં જ દૂધ અને પાણીને જુદાં કરી નાંખે છે તેમ ભેદજ્ઞાનની તીક્ષ્ણ ધાર પડતાં જ આત્મામાં સ્વભાવ અને વિભાવનું પૃથક્કરણ થઈ જાય છે. તીક્ષ્ણ જ્ઞાન ચૈતન્યને અને રાગને જુદાં પાડી દે છે. આ ભેદવિજ્ઞાનની 'ક્રિયા' છે. આ ક્રિયાની સૂઝ ન પડી તેથી લોકો બીજી ક્રિયાને વળગી પડ્યાં છે.

પરને પોતાથી ભિન્ન જાણી લીધાં તેથી ભેદવિજ્ઞાનીઓની રુચિ પરદ્રવ્યમાંથી ખસી જાય છે. પરદ્રવ્યનો પ્રેમ છૂટી જાય છે. હજારો રાણીઓનો સંયોગ દેખાય પણ અંદરમાં તેના ઉપરનો પ્રેમ છૂટી ગયો છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ થયો, તેનો પ્રેમ થયો ત્યારથી બધાં પરદ્રવ્યની રુચિ છૂટી જાય છે. તેથી જ્ઞાની ધન, પરિગ્રહ આદિમાં રહે તોપણ ખૂબ આનંદથી પરમતત્ત્વની પરીક્ષા કરીને આત્મિકરસનો આનંદ લે છે. બધાંથી નિરાળા નિજ પ્રભુને ઓળખીને તેનો આનંદ લે છે તેને બાહ્ય કોઈ ચીજની રુચિ રહેતી નથી.

આ બીજા કળશનું ત્રીજું પદ્ય પૂરું થયું. હવે ત્રીજા કળશના ૪થા પદ્યમાં સમ્યક્ત્વથી સમ્યગ્જ્ઞાન અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ બતાવે છે.

जो कबहूं यह जीव पदारथ,
औसर पाइ मिथ्यात मिटावै ।
सम्यक धार प्रवाह बहै गुन,
ज्ञान उदै मुख ऊरध धावै ।।
तो अभिअंतर दर्वित भावित,
कर्म कलेस प्रवेस न पावै ।।

आतम साधि अध्यातमके पथ,

पूरन ह्वै परब्रह्म कहावै ॥४॥

અર્થ :—જ્યારે કોઈવાર આ જીવપદાર્થ અવસર પામીને મિથ્યાત્વનો નાશ કરે છે અને સમ્યક્ત્વરૂપ જળના પ્રવાહમાં વહીને જ્ઞાનગુણના પ્રકાશમાં ઊંચે ચઢે છે ત્યારે તેના અંતરંગમાં દ્રવ્યરૂપ અને ભાવરૂપનું કલેશ પ્રવેશ પામતો નથી. તે આત્મશુદ્ધિના સાધન એવા અનુભવના માર્ગમાં લાગીને પરિપૂર્ણ અવસ્થાને પ્રાપ્ત થાય છે તેને જ પરમાત્મા કહે છે.

ભગવાન આત્મા અનંતકાળથી રખડે છે. અનંત ગતિમાં અનંત અનંત ભવો કરતો આવ્યો છે. કાળની કોઈ આદિ નથી તેથી અનાદિથી આ જીવ નિગોદના, નરકના, તિર્યંચના ભવમાં રખડી રહ્યો છે. અનંતવાર ધનાઢ્ય પણ થયો, ગરીબ થયો, સ્વર્ગમાં ગયો...બધાં ભવ કરી ચૂક્યો છે. અજ્ઞાનમાં અનંતભવ કર્યા તેમાં ક્યાંય નવીનતા કે વિશેષતા નથી. ભગવાન આત્મા પાસે પરની કાંઈ કિંમત જ નથી.

તું તો સત્‌ચિદાનંદ અખંડાનંદ સાહેબ છો પ્રભુ ! તારામાં શું ખામી છે ? તારામાં કઈ અપૂર્ણતા છે ? તું એક પૂર્ણ વસ્તુ છો. તારી પ્રભુતામાં કચાશ શું છે ! તારી પ્રભુતાને કબૂલ કરવાનો આ અવસર આવી ગયો છે. આનંદઘનજી લખે છે કે, 'અવસર પામીને ચૂકીશ નહિ સાહેબા...' મનુષ્યપણા અનંતવાર મળ્યાં, ત્યાગી અનંતવાર થયો, ધર્મના નામે ઘણી ક્રિયાઓ કરી, વૈરાગી થયો. પણ આત્મા શું ચીજ છે તેનો પત્તો કદી લીધો નથી.

औसर पाइ मिथ्यात्व मिटावै—અવસર પામીને જીવ મિથ્યાત્વ મટાડે તો કર્મ નાશ થાય. કર્મ નાશ થાય તો મિથ્યાત્વ મટે એમ કહ્યું નથી. જીવને રાગવાળો, કર્મવાળો, પુણ્યવાળો માન્યો છે તે મિથ્યાત્વ છે—ભ્રમણા છે. હવે આત્મા પોતાનો પત્તો મેળવે તો 'હું તો આનંદમૂર્તિ આત્મા છું' એવો અનુભવ થાય તો ભ્રમણા ટળી જાય, મિથ્યાત્વ મટી જાય અને જ્ઞાનધારા સમ્યક્ પ્રકારે એકરૂપધારાએ વહેવા લાગે. જ્ઞાનની ધારા સ્વભાવ-સન્મુખ જ જાય. મૂળ શ્લોકમાં कथमपि धारावाहिना बोधनेन...છે. તેનો આ ભાવ છે કે અનાદિથી રાગની એકતાબુદ્ધિની ધારા વહેતી હતી તેને પૃથક્ કરીને જ્ઞાનની ધારા વહેવા લાગી—સ્વરૂપની ધારા વહી—તે ધર્મધારા છે. આ પર્યાય છે—દશા છે પણ શુદ્ધ અને સ્વતંત્ર છે—પરાધીન નથી.

અધ્યાત્મની વાત કડક ઘણી...શુભભાવની ક્રિયામાં તો દુનિયાને કાંઈક દેખાય પણ ખરું...જાત્રા કાઢે, મંદિર બંધાવે તો લોકો જાણે. ભાઈ ! એ ક્રિયા રાગને જણાવે

છે. જાણનારો તો એ કાળે પણ ક્રિયાથી અને રાગથી જુદો છે.

ऊरघ मुख–અનાદિથી અધોમુખ દશા હતી, હવે ઉરધમુખ દશા થઈ. પુણ્ય-પાપને પોતાના માનીને અનુભવતો હતો તે તેની અધોદશાના લક્ષણ હતાં, તેનાથી ભિન્ન પડીને જ્ઞાન સ્વભાવસન્મુખ થયું ત્યાં શુદ્ધ આનંદમાં તેની પરિણતિ વહેવા લાગે છે. આ રાગથી ભિન્ન પડેલી પરિણતિમાં કર્મ પ્રવેશી શકતાં નથી. જેનાથી પોતે જુદો પડ્યો એવા કર્મો હવે પ્રવેશી શકતાં નથી અને જ્ઞાનની ધારા તો વધતી જ જાય છે–તેમાં કર્મનો કલેશ કેમ પ્રવેશે !

શુદ્ધશ્રદ્ધા, જ્ઞાનની ધારામાં દ્રવ્યકર્મનો તો પ્રવેશ નથી પણ ભાવકર્મનો પણ તેમાં પ્રવેશ નથી, વિકલ્પમાત્રનો ત્યાં પ્રવેશ નથી. आतम साधि अध्यात्मके पथ, पूरन है परब्रह्म कहावै। અંતરમાં આત્માનો આશ્રય લઈ, રાગનો આશ્રય છોડી, અંતર આનંદના પંથે ચડેલો તે જીવ અધ્યાત્મના પંથમાં આવી ગયો. અંતરમાં આત્માનું સાધન સાધતો સાધતો તે પૂર્ણ થાય છે. જ્યાં સુધી પૂર્ણદશા ન થાય ત્યાં સુધી સ્વભાવ તરફનું સાધન કરતો જ રહે છે. અંતરમાં એકાગ્રતારૂપ સાધકધારા પૂર્ણતા સુધી ચાલુ રહે છે. જેવા પરમાત્મા પૂર્ણ છે તેવી પોતાની પૂર્ણદશા થઈ જાય તેનું નામ પરબ્રહ્મ કહેવાય છે અર્થાત્ જેવું પોતાનું પૂર્ણ ધ્રુવસ્વરૂપ છે તેવું પર્યાયમાં પ્રગટ થઈ જાય તેને પરબ્રહ્મ કહેવાય છે. બાકી બીજો આ જગતનો કર્તા–હર્તા—ઈશ્વર કે પરબ્રહ્મ કોઈ નથી.

ચૈતન્યપ્રભુના સ્વભાવને સાધીને આત્મા પોતે પરમબ્રહ્મ થાય છે. તેમાં તેને કોઈ પરદ્રવ્યની કે રાગની કે વ્યવહારની અપેક્ષા નથી. રાગથી જુદો પડે ત્યારે સ્વભાવનું સાધન થાય છે તો રાગ સાધન ક્યાંથી થાય ? પણ ભાઈ ! શાસ્ત્રમાં જ રાગને સાધન કહ્યું છે તેનું શું ? એમ પ્રશ્ન થાય. પણ ભાઈ ! શાસ્ત્રમાં રાગમાં સાધન થવાનો ઉપચાર કર્યો છે. ખરેખર રાગ સાધન થઈ શકતું નથી. અંતરની શુદ્ધિની સાથે ભૂમિકા અનુસાર જેવો જેવો રાગ હોય છે તેને ઉપચારથી સાધન કહ્યું છે. પ્રયોજન તો માત્ર શુદ્ધિની સાથે રાગ કેવો હોય છે તેને બતાવવા પૂરતું જ છે.

ભાવાર્થ :—અનંત સંસારમાં પરિભ્રમણ કરતો જીવ કોઈવાર કાળલબ્ધિ, દર્શન મોહનીયનો અનુદય અને ગુરુ ઉપદેશ આદિનો અવસર પામીને તત્ત્વશ્રદ્ધાન કરે છે ત્યારે દ્રવ્યકર્મો અને ભાવકર્મોની શક્તિ શિથિલ થઈ જાય છે અને અનુભવના અભ્યાસથી ઉન્નતિ કરતાં કરતાં કર્મબંધનથી મુક્ત થઈને ઉર્ધ્વગમન કરે છે અર્થાત્ સિદ્ધગતિને પામે છે.

અહા ! ભૂતકાળ ઉપર દૃષ્ટિ કરે તો જીવ અનંત સંસારમાં રખડતો હતો. જેની આદિ નથી એવા અનંતકાળથી સંસારમાં સંસરણ કરતો હતો. તે જીવ ક્યારેક પોતાની સ્વકાળલબ્ધિની પ્રાપ્તિ થતાં સાચાં તત્ત્વની શ્રદ્ધા કરે છે તો કર્મનો ઉદય ટળી જાય છે. વિપરીત માન્યતા કરતો હતો ત્યાં સુધી જડકર્મનું નિમિત્ત હતું, જ્યાં વિપરીત માન્યતા છૂટી ત્યાં કર્મો સ્વયં ટળવા લાગે છે. ત્યાં પ્રથમ દર્શનમોહનીયકર્મનો અનુદય થાય છે.

અજ્ઞાનીજીવને પ્રથમ તો ગુરુનો ઉપદેશ મળે છે તેમાં દેશનાલબ્ધિ થાય છે. તે ઉપદેશ કેવો હોય છે ?—કે રાગથી ભિન્ન પડવાનો ઉપદેશ હોય. રાગ કરતાં કરતાં ધર્મ થશે એવો ગુરુનો ઉપદેશ ન હોય અને એવું કહેનારાં ગુરુ ન હોય. ભગવાનની ભક્તિ કરતાં કરતાં તમારું કલ્યાણ થઈ જશે એવો ગુરુનો ઉપદેશ ન હોય. રાગને અને જ્ઞાનને જુદાં પાડી દે—ફડચાં પાડી દે–એવો ઉપદેશ તે જ સત્ય ઉપદેશ છે અને એ ગુરુ જ સાચા ગુરુ છે. કેટલોક ઉપદેશ એવો હોય કે બધાંને સરખો લાગે. જેમ સમુદ્રમાં ઉપલી સપાટી એકસરખી હોય તેથી ઉપર ટપકે જોનારને બધે સરખું પાણી લાગે પણ ઊંડાણ માપવા જાય તો ખબર પડે કે કાંઠા ઉપર પાણી છીછરું હોય અને વચ્ચે તો બહુ ઊંડુ હોય. આ ફેર તો જે પાણીનું માપ કાઢવા જાય તેને ખબર પડે. સપાટીને જુએ તેને ખબર ન પડે તેમ, ગુરુનો ઉપદેશ ઉપર ટપકે ગ્રહણ કરવાથી તેના ઊંડાણનું માપ ન આવે. ઊંડાણથી જુએ તો જ સાચા ગુરુ અને સાચા તત્ત્વનું માપ નીકળે.

ગુરુના ઉપદેશથી પાત્ર શિષ્ય તત્ત્વની યથાર્થ શ્રદ્ધા કરે છે. હું જ્ઞાયક ચિદાનંદતત્ત્વ છું એવી શ્રદ્ધા કરે છે તેમાં હું પુણ્ય–પાપ કે આસ્રવ–બંધરૂપ નથી એવી શ્રદ્ધા આવી જાય છે. આવી યથાર્થ શ્રદ્ધા થતાં દ્રવ્યકર્મો અને ભાવકર્મોની શક્તિ શિથિલ થતી જાય છે અને એ જ માર્ગે અનુભવના અભ્યાસથી અંતરમાં એકાગ્રતાની વૃદ્ધિ કરતાં કરતાં કર્મબંધનથી મુક્ત થઈને ઉર્ધ્વગમન કરે છે. જ્યાં સિદ્ધગતિ છે ત્યાં જઈને વસી જાય છે–પૂર્ણદશાને પ્રાપ્ત થાય છે. આમ, રાગથી પૃથકતા અને આનંદમાં લીનતા દ્વારા જ મુક્તિની પ્રાપ્તિ થાય છે. આ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

[ક્રમશઃ]

# મૃગસેન માછીમારની કથા

[ગતાંકથી ચાલુ]

પાપી શ્રીદત્તે પત્રમાં લખ્યું કે–''પુત્ર મહાવલા ! આ પત્રવાહક (જે પત્ર લઈને તારી પાસે આવે છે તે) ભવિષ્યમાં આપણા કુળને ભસ્મીભૂત કરવાવાળો મલયઅગ્નિ સમાન ભયંકર છે. સામર્થ્યવાન થતાં જ આપણો સર્વનાશ કરશે. અર્થાત્ તું ગુપ્તરીતિથી તલવાર યા મૂસળથી એનું કામ તમામ કરી દેજે. ખૂબ સાવધાનીપૂર્વક આ કાર્ય કરજે જેથી કોઈને પણ ખબર ન પડે.''

પત્ર લઈને કુમાર ધનકીર્તિએ પોતાના ગળામાં પહેરેલાં હાર સાથે બાંધી દીધો તથા નિર્ભય થઈને ત્યાંથી ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં થાકી જવાથી માર્ગમાં એક વૃક્ષ નીચે સૂઈ ગયો. તે જ સમયે એક અનંગસેના નામક વેશ્યા ત્યાં ફૂલ તોડવા આવી. તેણે કુમારના ગળામાં એક પત્ર જોયો. એની ઇચ્છા થઈ કે આ પત્રમાં શું લખ્યું છે જરા વાંચુ તો ખરી. પત્ર વાંચતા જ તે ચકિત થઈ ગઈ. તેણે કુમારની સુન્દરતા પર તથા પત્રપ્રેષકની નિષ્ઠુરતા પર ઘણી વાર સુધી વિચાર કર્યો.

અન્તે તે લખેલા અક્ષરોને ખૂબ સાવધાની પૂર્વક ભૂંસીને તેની જગ્યાએ પોતાની આંખમાં આંજેલા કાજળને સળીથી કાઢી કાઢીને એમ લખ્યું કે :—

પ્રિયે ! અગર તું સાચે મને તારો સ્વામી માને છો અને પુત્ર મહાવલ ! તું મને તારા પિતા માને છે તો આ પત્રવાહક સાથે શ્રીમતીના લગ્ન જલ્દી કરાવી દેજો. મહાભાગ્યથી આવા સુયોગ્ય વરની પ્રાપ્તિ થઈ છે. આ કામમાં મારી જરા પણ અપેક્ષા નહિ રાખતા. કેમકે સંભવ છે કે મને ત્યાં આવવામાં વિલમ્બ થાય. આવો સુઅવસર મળવો મુશ્કેલ છે. વરના માન–સન્માનમાં કોઈ પ્રકારની પણ કસર નહીં રાખતા.

એ રીતે અનંગસેનાએ પત્ર લખીને ધનકીર્તિના ગળામાં બાંધી દીધો અને પોતાના ઘરે પાછી આવી. અનંગસેના ગયા બાદ કુમારની આંખ ખૂલી. તે જલ્દીથી શ્રીદત્તના ઘર તરફ ચાલવા લાગ્યો. ત્યાં પહોંચીને તેણે શ્રીદત્તની પત્નીના હાથમાં તે પત્ર મૂકી દીધો. પુત્ર મહાબલે પણ વાંચ્યું. આનંદની સીમા ન રહી. ત્યારબાદ શુભ મુહૂર્તમાં એના લગ્ન શ્રીમતી સાથે કરાવી દીધી.

અર્થાત્ જે થવાનું છે તે થઈને રહે છે, કોઈ ફેરફાર નથી કરી શકતું. શ્રીદત્તને જ્યારે આ વાતની ખબર પડી તો ગભરાઈને જલ્દી દોડી આવ્યો. તેણે ધનકીર્તિને મારવાની યુક્તિ રસ્તામાં જ વિચારી લીધી. ગામની બાહર પાર્વતીનું એક મન્દિર હતું.

એક માણસ સાથે ધનકીર્તિને મારવા માટે નક્કી કર્યું. આવીને તેણે પાર્વતીપૂજા માટે સામગ્રી આપીને કુમારને મોકલ્યો. પરન્તુ જેનું આયુષ્ય શેષ છે એને કોઈ મારી ન શકે અને જેનો મરણકાળ આવી જાય છે એને કોઈ બચાવી નથી શકતું.

ધનકીર્તિ તુરત આજ્ઞા શિરોધાર્ય કરીને નગરની બહાર ગયો પરન્તુ રસ્તામાં એનો સાળો મહાબલ આવી રહ્યો હતો. તેણે પૂજાની સામગ્રી લઈને કુમારને પાછો મોકલી દીધો. એક કહેવત છે પિતાના પુણ્યથી સન્તાનની વૃદ્ધિ થાય છે તથા પિતાના અધર્મથી સન્તાનનું અધઃપતન થાય છે. શ્રીદત્તના પાપે પુત્ર ઉપર હાથ સાફ કર્યો. પિતાના પાપાચરણથી નિરપરાધ મહાબલ મંદિરમાં જતાં જ માર્યો ગયો.

પુત્રના મૃત્યુથી શ્રીદત્ત અત્યન્ત દુખી થયો. તેણે પોતાની પત્નીને ધનકીર્તિને મારવા યુક્તિ પૂછી. પત્નીએ કહ્યું કે તમે નિશ્ચિત રહો. હવે તમે ઘરડા થઈ ગયા છો, તમારી બુદ્ધિ શિથિલ થઈ ગઈ છે. હું એનું કામ તમામ કરી દઉં છું. એમ કહીને તેણે બે જાતના લાડવા બનાવ્યા. એક તો ઊજળા અને એક કાંઈક મેલા. ઉજળા લાડવા દેખાવમાં તો સુન્દર હતા પરન્તુ એમાં વિષ મેળવ્યું હતું. ભોજનના સમયે તેણે શ્રીમતિને કહ્યું કે બેટી હું સ્નાન કરવા જાઉં છું. તું તારા પિતા તથા પતિને ભોજન કરાવ. જો, ઉજળા લાડવા તારા પતિને આપજે અને મેલા લાડવા તારા પિતાને. એમ કહીને તે ચાલી ગઈ. ભોળીભાળી શ્રીમતિ પિતા અને પતિને ભોજન કરાવવા બેઠી. પિતાની સામે પતિને ઉજળા લાડવા પીરસવા અને પિતાને મેલા લાડવા પીરસવા એને શરમજનક લાગ્યું. તેણે ઠીક તેનું ઉલટું કર્યું. ભાગ્યની ગતિ વિચિત્ર છે. કોઈને નથી ખબર કે ક્યારે કોનું શું થશે ? લાડવા ખાતાં જ શ્રીદત્ત મરણને શરણ થયો. એની દુષ્ટતાનો અંત આવ્યો.

જ્યારે શ્રીમતિની માતા સ્નાન કરીને પાછી આવી તો એના દુઃખનો પાર ન રહ્યો. તેણે ખૂબ વિલાપ કર્યો, તેણે પણ વિષનો લાડવો ખાઈને પોતાના જીવનનો અંત લાવી દીધો. ઠીક છે કે જે બીજાની બુરાઈ ઇચ્છે છે સ્વયં એની બુરાઈ થાય છે. આ અટલ તથા અવિચલ નિયમ છે. જે કોઈ તમારી બુરાઈ કરે એની તમે ભલાઈ કરો. તમને સારી ભલાઈનો બદલો જરૂર મળશે, તેને તેની બુરાઈનો. ધનકીર્તિની પ્રતિષ્ઠા અને શીતળતાનો પરિચય મહારાજ વિશ્વમ્ભરના કાનો સુધી પહોંચી ગઈ. તેઓએ અત્યન્ત પ્રસન્ન થઈ પોતાની પુત્રીના લગ્ન ધનકીર્તિ સાથે કર્યા. રાજાએ દહેજમાં ખૂબ ધન–સમ્પત્તિ આદિ આપીને રાજશેઠ પદ પર એને નિયુક્ત કર્યો. સાચું જ છે કે સંસારમાં.એવી કોઈ વસ્તુ અશક્ય નથી જે જિનધર્મના પ્રભાવથી પ્રાપ્ત ન હો.

ગુણપાલને જ્યારે પોતાના ભાગ્યોદયના સમાચાર મળ્યા કે તરત જ તે કૌશમ્બીથી

ઉજ્જૈન માટે ચાલી નીકળ્યો. લાંબા સમય બાદ પિતા-પુત્રનું મિલન થયું. હવે ધનકીર્તિ અનેક ભોગોનો ભોગ્ કરતો થકો સુખચૈનથી પોતાનું જીવન પસાર કરવા લાગ્યો. સાથે સાથે પોતાનાં કર્તવ્યથી વિચલિત ન થયો. દીન–દુ:ખીયાઓની સહાયતા, દેવારાધન, સ્વાધ્યાય–અધ્યયન આદિ એક માત્ર લક્ષ બની ગયું હતું.

એક દિવસ ધનકીર્તિના પિતા ગુણપાલ શેઠ પોતાની સ્ત્રી, પુત્ર, બન્ધુ, બાંધવ વિગેરેને સાથે લઈને યશોધ્વજ મુનિરાજની વંદના કરવા માટે ગયો. ભાગ્યથી અનંગસેના પણ ત્યાં આવી. મુનિરાજની વંદના કર્યા બાદ ગુણપાલે એમને પૂછ્યું–પ્રભો, તમને ત્રિકાળનું જ્ઞાન છે માટે કૃપા કરીને અમને કહો કે મારા પુત્ર ધનપાલે પૂર્વભવમાં શું એવું પુણ્ય બાંધ્યું હતું જેના ફળસ્વરૂપે તેણે બાળપણમાં જ ભયંકરથી ભયંકર કષ્ટો પર વિજય મેળવીને તે અચલ કીર્તિવાન, પ્રચુર ધની, સુકર્મી, દાની તથા દયાળુ થયો. તે સાંભળવા મારી તીવ્ર ઈચ્છા છે. અતઃ આપ કૃપા કરીને મને કહો.

પરમ કરુણાશીલ તથા ચાર જ્ઞાનના ધારી યશોધ્વજ મુનિરાજે મૃગસેન ધીવરની કથા સંભળાવતા કહ્યું ''ધનકીર્તિ પૂર્વભવમાં ધીવર હતો. તેની સ્ત્રીનું નામ ઘંટા હતું. જે આ જન્મમાં શ્રીમતિ નામની સુલક્ષણા ગુણવતી સ્ત્રી બની તથા તે માછલું જેને પાંચવાર પકડીને છોડી દીધું તે આ જન્મમાં અનંગસેના બની છે. ગુણપાલ ! આ બધું અહિંસાવ્રત ધારણ કરવાનું ફળ છે. આ અહિંસા વ્રતનો પ્રવર્તક જિનધર્મ એવો ધર્મ છે જેનાથી સજ્જનોને શું નથી મળતું !'' મુનિરાજ દ્વારા આ કથા સાંભળીને બધાને જિનધર્મ પર અટલ શ્રદ્ધા થઈ ગઈ. ધનકીર્તિ, શ્રીમતિ, અનંગસેનાએ પોતપોતાના પૂર્વજન્મની વાતો સ્મરણમાં આવી ગઈ. ત્યારબાદ ધનકીર્તિએ પોતાના હાથે કેશલોંચ કરીને જિનદીક્ષા ધારણ કરી લીધી. ધનકીર્તિની આ દશા જોઈને શ્રીમતિ અને અનંગસેનાએ પણ પોતાના હૃદયમાંથી વિષય–વાસના છોડીને જિનદીક્ષા લઈ લીધી. જિનધર્મના પ્રભાવથી ધનકીર્તિને સમાધિ સહિત પ્રાણ ત્યાગવાથી સર્વાર્થસિદ્ધિનું શ્રેષ્ઠ સુખ પ્રાપ્ત થયું. હવે આગળ મનુષ્ય થઈને મુક્તિ પ્રાપ્ત કરશે. એવી રીતે શ્રીમતિ અને અનંગસેના પણ સ્વર્ગે ગયા. સત્ય છે કે જિનધર્મની આરાધનાથી કોને સુખ નથી મળ્યું ! અર્થાત્ ધર્મ કલ્પતરુ સમાન મનોવાંછિત ફળ દેવાવાળો છે. ધર્મપ્રેમને વશ થઈને કલ્યાણહેતુ અહિંસા વ્રતની પવિત્ર કથા લખી છે જે સર્વ સુખોને દેવાવાળી તથા વિઘ્નોની નાશ કરવાવાળી છે. તેને તમે લોકો ધારણ કરો જે આ સંસારને શાન્તિ પ્રદાન કરવાવાળી છે.

*(બ્રહત્ કથાકોષ ભાગ-૨ માંથી ટૂંકસાર)*

*

[તા. ૭-૨-૯૯]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર(૧૭મી વખતના) પૂ. ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | 'શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય' ઉપર પૂ. ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |

સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' પર ભાવવાહી ટેપ-પ્રવચન

**સીમંધર-જિનમંદિરનો વાર્ષિક અષ્ટાહ્નિકા-પ્રતિષ્ઠોત્સવ :—** વિ.સં. ૧૯૯૭માં શ્રી નાનાલાલભાઈ આદિ જસાણી-પરિવાર તરફથી નિર્મિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરની ૫૯મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ નિમિત્તે અષ્ટાહ્નિકા ઉત્સવ મહા વદ ૧૦, બુધવાર, તા. ૧૦-૨-૯૯ થી ફાગણ સુદ ૨, બુધવાર, તા. ૧૭-૨-૯૯ સુધી 'શ્રી વીસવિહરમાન-જિનમંડલવિધાનપૂજા', જિનેન્દ્રભક્તિ, અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસના આદિ વિભિન્ન કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

**પંચમેરુ-નંદિશ્વરજિનાલયનો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :—** સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીના અતિ મનોજ્ઞ પંચમેરુ-નંદીશ્વરજિનાલયનો ૧૪મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ-૩, ગુરુવાર, તા. ૧૮-૨-૯૯ થી ફાગણ સુદ-૭, સોમવાર, તા. ૨૨-૨-૯૯ સુધી 'પંચકલ્યાણક વિધાનપૂજા', નંદીશ્વર-જિનભક્તિ તેમ જ તત્ત્વજ્ઞાનોપાસના આદિ વિભિન્ન કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

**નંદીશ્વર-અષ્ટાહ્નિકાપર્વ :—** ફાગણ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા તા. ૨૩-૨-૯૯ થી તા. ૨-૩-૯૯ સુધી શ્રી પંચમેરુ નંદીશ્વર જિનાલયમાં પૂજા, જિનેન્દ્રભક્તિ અને અધ્યાત્મજ્ઞાનોપાસના પૂર્વક ઉજવવામાં આવશે.

**પરમાગમમંદિર-પ્રતિષ્ઠાતિથિ :—** ફાગણ સુદ-૧૩, રવિવાર, તા. ૨૮-૨-૯૯ના રોજ શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરની ૨૫મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

## * ગુરુ જન્મજયંતી-પત્રિકાની લેખનવિધિ *

પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૧૦મો વાર્ષિક જન્મજયંતી મહોત્સવ (તા. ૧૩-૪-૯૯ થી તા. ૧૭-૪-૯૯)–કે જે શ્રી દક્ષિણ-ભારત (મદ્રાસ, બેંગલોર તથા હૈદરાબાદ) તરફથી અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવાનાર છે–તેની નિમંત્રણ-પત્રિકાની લેખનવિધિ તા. ૧૧-૩-૯૯ ગુરુવારના રોજ સોનગઢમાં રાખવામાં આવી છે.

**વૈરાગ્ય-સમાચાર :—**

★ સોનગઢનિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી મનસુખલાલ વૃજલાલ શાહ (વર્ષ-૬૦) તા. ૪-૭-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

★ રાજકોટનિવાસી (હાલ-વસઈ) શ્રી મોહનલાલ અમૃતલાલ કંપાણી (વર્ષ-૭૫) તા. ૨૮-૯-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

★ વિંછીયાનિવાસી (હાલ-ગોરેગાંવ) શ્રી દીનેશભાઈ ત્રંબકલાલ ડગલી (વર્ષ-૫૯) તા. ૨૦-૧૨-૯૮ના રોજ બ્રેઈન હેમરેજ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

★ અમેરિકાનિવાસી શ્રી ભરતેશભાઈ ચંદ્રકાંતભાઈ શાહ (વર્ષ-૪૦) (શ્રી ચંદ્રકાંતભાઈ ઉજમશીભાઈ શાહના સુપુત્ર) તથા તેમના ધર્મપત્ની ડૉ. શ્રી અર્ચનાબેન ભરતેશભાઈ શાહ (વર્ષ-૩૮) (સુરેન્દ્રનગરનિવાસી સ્વ. શ્રી ચંદ્રકાંતભાઈ મણિયારના પુત્રી તથા સોનગઢનિવાસી બ્ર. ગુણીબેન મણિયારના ભત્રીજી ડૉ. અર્ચનાબેન) તા. ૨૨-૧૨-૯૮ના રોજ અમેરિકામાં કાર-એક્સીડેન્ટમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ બન્નેને તત્ત્વની ઘણી રુચિ હતી, રોજ ઘણો સ્વાધ્યાય કરતા હતા. ડૉ. અર્ચનાબેને પૂજ્ય બહેનશ્રીની સેવાનો ઘણો લાભ લીધો હતો.

★ વડોદરાનિવાસી શ્રી મધુબેન પરમાર (–તે શ્રી રમેશભાઈ પરમારના માતુશ્રી) (વર્ષ-૭૬) તા. ૨૮-૧૨-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

★ નાઈરોબીનિવાસી શ્રી વિનોદચંદ લક્ષ્મીચંદ (–તે નાઈરોબી મંડળના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. શ્રી લક્ષ્મીચંદ કેશવજીના સુપુત્ર) (વર્ષ-૫૭) તા. ૩૧-૧૨-૯૮ના રોજ હાર્ટફેઈલ થવાથી માત્ર બે કલાકની બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે.

★ કાંદિવલીનિવાસી શ્રી વિજયભાઈ શાંતિલાલ અજમેરા (–તે રાજકોટનિવાસી શ્રી જ્યોતીન્દ્રભાઈ પારેખના બનેવી) (વર્ષ-૪૮) તા. ૨૨-૧-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. *

રાજકોટનિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર-પરિવાર તરફથી

સુવર્ણપુરીમાં ઉજવાનાર

## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૬૭મો

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

સમ્યક્ત્વતીર્થઉદ્યોતક સ્વાનુભવવિભૂષિત પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમભક્ત સમ્યક્ત્વતીર્થ, સ્વાનુભવવિભૂષિત, પ્રશમપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૭મી સમ્યક્ત્વજયંતીનો મંગલ મહોત્સવ (ફાગણ વદ-૧૦) અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં રાજકોટનિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર-પરિવાર દ્વારા અત્યાનન્દોલ્લાસ સહિત ઉજવવામાં આવશે. તદ્‌નુસાર સુવર્ણપુરી અધ્યાત્મસાધનાતીર્થમાં તા. ૮-૩-૯૯, સોમવારથી તા. ૧૨-૩-૯૯, શુક્રવાર (ફાગણ વદ-૧૦) પાંચ દિવસ સુધી 'સમ્યક્ત્વજયંતી'નો આ પંચાહ્નિક મંગલ મહોત્સવ શ્રી ચૌંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વ મહિમાપૂર્ણ આધ્યાત્મિક ટેપ-પ્રવચન, દેવગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો-ધર્મચર્ચા વગેરે અનેકવિધ રોચક ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. સમ્યક્ત્વપ્રેમી બધા મુમુક્ષુઓને આ સમ્યક્ત્વમહિમાવર્ધક અનુપમ અવસરનો અમૂલ્ય લાભ લેવા માટે હાર્દિક અનુરોધ છે.

*અનુરોધક—*

*વિનોદરાય કાનજીભાઈ કામદાર-પરિવાર,*

*રાજકોટ*

## પૂજ્ય ગુરુદેવશ્રીના સી. ડી. પ્રવચનો તથા કોમ્પ્યુટર વિષે

# પરિપત્ર

પરમ-તારણહાર પરમોપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સત્પ્રભાવના-યોગપ્રતાપે પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીની ભવાન્તકારિણી પરમામૃતરસભરી અધ્યાત્મવાણી—કે જે ઓડિયો કેસેટમાં સુરક્ષિત છે તે—વધારે સુલભ અને દીર્ઘકાળ પર્યન્ત જીવંત રહે તે માટે અવનવા પ્રયત્નો થઈ રહ્યા છે. પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી, પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી પ્રત્યે સમર્પિત શ્રી શાંતિલાલ રતીલાલ શાહ–પરિવાર, સાયન (મુંબઈ) તરફથી ઓડિયો પ્રવચનોને એમ.ડી.(M.D.)માં ઉતારવાનું કાર્ય લગભગ પૂર્ણ થવામાં છે. આપણા મુમુક્ષુ, યુવાન કાર્યકર, કોમ્પ્યુટરી એન્જિનિયર શ્રી હિતેનભાઈ ભરતકુમાર શેઠના અથાગ પ્રયત્નોથી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-ખજાનાને કોમ્પ્યુટર પદ્ધતિથી સી.ડી.(C.D.)માં ઉતારવાનું સફળ રીતે શક્ય બન્યું છે. તેમના દ્વારા આ અદ્‌ભુત પ્રયોગનું ડીમૉન્સ્ટ્રેશન (પ્રદર્શન) મલાડ-જિનમંદિર તથા ઘાટકોપર-જિનમંદિર વગેરે જગ્યાએ કરવામાં આવ્યું હતું, જેનાથી શ્રોતાઓ–મુમુક્ષુઓ પ્રભાવિત થયા હતા અને સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમના (હિતેનભાઈના) આ કાર્યથી પૂજ્ય ગુરુદેવશ્રીનો—આઠ હજાર પાંચસો ટેઈપમાં સંગ્રહિત—પ્રવચન ખજાનો જનસમુદાય માટે અત્યંત સુલભ બન્યો છે. આ સી.ડી.(C.D.) પ્રવચનો વસાવવા સાથે, સી.ડી. ડ્રાઈવ સાથે કોમ્પ્યુટર વસાવવું જરૂરી છે.

શ્રી શાંતિલાલ રતીલાલ શાહ–પરિવાર સાયન (મુંબઈ) દ્વારા આવા પ્રકારનું કોમ્પ્યુટર તથા પૂ. ગુરુદેવશ્રીના ૨૫૦૦ પ્રવચનોની સી.ડી. આપણા જે મુમુક્ષુ મંડળોમાં પ્રતિદિન પૂ. ગુરુદેવશ્રીની વાણી સંભળાવવામાં આવે છે તેવાં મંડળોને વિના મૂલ્યે (ભેટ) આપવાની એક યોજના બનાવવામાં આવી છે. આ માટે મુમુક્ષુ મંડળોએ નીચેના સરનામે વિનંતી પત્ર મોકલવો.

(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ--૩૬૪૨૫૦

(૨) શ્રી હિતેનભાઈ અનંતરાય શેઠ, ૩૦૯, વીણા વિહાર, ૧૭A ફલેન્ક રોડ, સાયન (ઈસ્ટ), મુંબઈ--૪૦૦૦૨૨ ફોન ૪૦૧૫૪૩૪ .

E-MAIL :—vitragvani @hotmail.com

આ સી.ડી. ભેટ યોજનાનું મંગલ ઉદ્‌ઘાટન શ્રી શારદાબેન શાંતિલાલ શાહના શુભ હસ્તે પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વજયંતી મહોત્સવ દરમ્યાન કરવામાં આવશે.

*

દક્ષિણ ભારત મુમુક્ષુમંડળ,

શ્રી ડૉ. કાંતિલાલ અમીચંદ કામદાર--પ્રમુખ શ્રી મદ્રાસ દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ—ચેન્નાઈ, શ્રી ભભૂતમલજી ભંડારી—પ્રમુખ શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ બેંગ્લોર શ્રી મનુભાઈ શેઠ—પ્રમુખ શ્રી કુંદકુંદકહાન સૂર્ય સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ બેંગ્લોર, શ્રી રાજેશભાઈ ચીમનલાલ શાહ--પ્રમુખ શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ હૈદરાબાદ દ્વારા આયોજિત

## પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૦મો

# જન્મજયન્તી–મહોત્સવ

[તા. ૧૩-૪-૯૯ થી તા. ૧૭-૪-૯૯]

**અતિ હર્ષોલ્લાસ સહ જણાવવાનું કે આપણા પરમ તારણહાર, અધ્યાત્મયુગસ્રષ્ટા, સ્વાનુભૂતિમાર્ગ પ્રકાશક, પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૧૦મો મંગલ 'જન્મજયંતી–મહોત્સવ' સોનગઢમાં ઉજવવાનું સૌભાગ્ય અમોને પ્રાપ્ત થયું છે.**

તદ્‌નુસાર પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીની આગામી ૧૧૦મી જન્મજયંતી (વૈશાખ સુદ બીજ)નો મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧૩-૪-૯૯, મંગળવારથી તા. ૧૭-૪-૯૯, શનિવાર પાંચ દિવસ સુધી 'શ્રી રત્નત્રય–મંડલવિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીના વિડિયો—ઓડિયો ટેપપ્રવચન, દેવગુરુભક્તિ, પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનની વિડિયો–ધર્મચર્ચા, તા. ૧૩-૪-૯૯ થી તા. ૩-૫-૯૯—૨૧ દિવસ ચાલનારો ધાર્મિક શિક્ષણવર્ગ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિનો આ મહત્વપૂર્ણ લાભ લેવા માટે બધા મુમુક્ષુઓને સોનગઢ પધારવાનું હાર્દિક નિમંત્રણ છે. આવાસ--ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

*નિમંત્રક—*

*દક્ષિણ ભારત મુમુક્ષુમંડળ*
*મદ્રાસ, બેંગલોર, હૈદરાબાદ*

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* ધ્રુવ છું ને શુદ્ધ છું ને પરિપૂર્ણ છું ઈ બધા વિકલ્પો છે; ભોગીના ભોગનું મૂળ છે. પહેલાં અશુભને ચોંટ્યો હતો પછી શુભને ચોંટ્યો, પણ ઈ તો ઈ ને ઈ દશા છે ! દૃષ્ટિને ધ્રુવ ઉપર લઈ જવાની વાત છે. ૧૨૬.

* રે દુરાત્મન્ ! હે દુષ્ટ આત્મા !! અરે તું શું માને છે ! રાગથી ભિન્ન ચૈતન્ય ચમત્કાર તારી ચીજ છે તેને તો તું જાણતો ને માનતો નથી ને રાગાદિને તારી ચીજ માને છો ! તારી દૃષ્ટિ મૂઢ છે. રાગમાં સુખબુદ્ધિ છે તેથી આનંદકંદ પ્રભુ ઢંકાઈ ગયો છે. રાગના વિકલ્પમાં સુખ છે, મજા છે એમ માનનારને સ્વભાવભાવ ઢંકાઈ ગયો છે. બીજી રીતે રાગ છે તે અજીવ છે, એ અજીવભાવમાં રોકાવાથી તેને જીવભાવ ઢંકાઈ ગયો છે. રાગને જે દેખે છે તે અજીવને દેખે છે, અચેતનને દેખે છે. રાગ છે તે ચૈતન્યરૂપી સૂર્યનું કિરણ નથી એ કારણે રાગને અચેતન કહીને પુદ્‌ગલ કહ્યું છે. સાંભળવાનો જે રાગ છે એ રાગ પણ પુદ્‌ગલ છે. એ ચૈતન્યસ્વભાવથી વિપરીત સ્વભાવ છે. હે દુરાત્મન્ ! તું એ પુદ્‌ગલને તારો કેમ માને છે ? ૧૨૭.

* વસ્તુ તો અજીવ અને આસ્રવ વગરની છે. હવે એની નજર પર્યાય ઉપર છે, એ દ્રવ્ય ઉપર કરવાની છે, એટલી જ વાત છે. વસ્તુમાં તો અજીવ અને આસ્રવ છે જ નહીં. પર્યાય ઉપર એની નજર છે. એ નજર દ્રવ્ય ઉપર કરવાની છે. પર્યાય તે હું નહીં—એમ નહિ, પરંતુ પર્યાય જ અંદર ધ્રુવ ઉપર જાય ત્યારે દૃષ્ટિ ફરે. પર્યાય ધ્રુવ ઉપર ગઈ તેની તેને પોતાને ખાતરી ક્યારે થાય કે પર્યાય ધ્રુવ ઉપર જતાં આનંદ આવે અર્થાત્ એનું ફળ આવે તો ધ્રુવ ઉપર એની પર્યાય ગઈ છે તેની ખાતરી પોતાને થાય છે. પર્યાય ઉપર તો એની દૃષ્ટિ અનાદિની છે જ, હવે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે ઈ કરવાનું છે. લાખ વાતની આ વાત છે. ૧૨૮.

* સંતો એમ કહે છે કે જિનવરદેવ ગણધરોની સભામાં આમ કહેતા હતા કે ધ્રુવ ભગવાન, ઉત્પાદ–વ્યયની પર્યાયને કે બંધ–મોક્ષની પર્યાયને કરતો નથી; તેને જિનવરદેવ જીવ કહે છે. બંધ-મોક્ષની પર્યાયને જે કરતો નથી તેને અમે જીવ કહીએ છીએ—એમ જિનવરદેવ કહે છે. ૧૨૯.

*

# 卐 ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે 卐

ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે. પણ ખરેખર તો ક્રમબદ્ધ માને તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. એમાં જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ માનતાં ફેરફારની દૃષ્ટિ છૂટી જાય ને સામાન્યદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ નક્કી કરવા જાય ત્યાં હું પરનું કરી દઉં, વ્યવહારથી નિશ્ચય થાય એ બધું ઊડી જાય ને અંદર ઠરી જવાનો રસ્તો થાય. ૭૫

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]

1426 [illegible]
[illegible]
વાયા-સોનગઢ
સૌરાષ્ટ્ર-364230 (સૌ.)